Registered No.

ॐ नमो जिनेभ्यः

# શ્રાવિકાસુબોધ.

શ્રી જૈન વનિતા વિશ્રામને અંગે પ્રકટ થતું ત્રિમાસિક.

श्राविकाणां सुबोधाय, ताराणां गौरव हेतवे ।
विधवानां प्रशान्त्यर्थं पत्रिकेयं प्रकाश्यते ॥

પુસ્તક ૧ લું. સં. ૧૯૭૬ ના અસાડ સુદ ૧૩ અંક ૨ જો.

સંપાદિકા. બ્હેન રૂકિમણી. શ. સા. હીરાચંદ મોતીચંદ ઝવેરીની વિધવા.


| વિષયાનુક્રમણિકા. | લેખકનું નામ. | પૃષ્ઠ. |
| --- | --- | --- |
| ૧ બાળા અને બ્હેનોને હિતશિક્ષા. | કવિ સાંકલચંદ. | ૧ |
| ૨ નોંધ. | સંપાદિકા. | ૨ |
| ૩ માતપિતાઓને સૂચના. | બ્હેન 'અનુભવિકા." | ૩ |
| ૪ માતાને બે બોલ | શેઠ ફરામજી ખરસેદજી. | ૯ |
| ૫ સ્ત્રીઓનું કર્ત્તવ્ય. | અ. સૌ. કનુબ્હેન છગનલાલ. | ૧૧ |
| ૬ સ્ત્રીઓની શોભા. | શ્રીયુત ગોકુલદાસ દ્વારકાદાસ રાયચુરા. | ૧૩ |
| ૭ દુઃખીને દીલાસો. | અ. સૌ. યશોદાબ્હેન. | ૧૪ |
| ૮ પરદેશ દર્શન. | ગં. સ્વ. સંતશિષ્યા. | ૧૭ |
| ૯ મ્હારૂં હૃદય. | બ્હેન ચંચળ ત્રિભુવન. | ૨૦ |
| ૧૦ માતાની મહત્તા. | મુનિશ્રી રત્નવિજયજી. | [illegible] |
| ૧૧ શ્રી ઉપયોગી ફરતું પુસ્તકાલય. | [illegible] ચીમનલાલ દોશી. | ૨૪ |
| ૧૨ "ફોઇબા" | | ૨૭ |
| ૧૩ જૈન વનિતા વિશ્રામને મળેલી મદદ. | વ્યવસ્થાપિકા. | ૩૧ |


વાર્ષિક મૂલ્ય. ૧ રૂપીઓ. છુટક નકલના ચાર આના.

આ ત્રિમાસિક અમદાવાદમાં શ્રી સત્યવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સાંકલચંદ હરીલાલે છાપ્યું, અને સુરતમાં ગોપીપુરામાં ચાંલ્લાગલીમાં બ્હેન રૂકિમણીએ પ્રકટ કર્યું.

# ગ્રાહકોને સૂચના.

આ ત્રિમાસિકનો પહેલો અંક રાખી જેમણે મનીઓર્ડરથી લવાજમ મોકલી આપ્યું છે, તેમને આ બીજો અંક મોકલી આપવામાં આવ્યો છે. પણ જેમનું લવાજમ આવ્યું નથી અને જેમણે તે અંક નહિ મોકલવા લખ્યું નથી તે સર્વેને બીજો અંક વી. પી. થી મોકલવામાં આવનાર છે. આશા રાખવામાં આવે છે કે તેઓ ૧) રૂપીઓ એક આનો ભરી બીજો અંક સ્વીકારી લેશે. આ ત્રિમાસિક હોવાથી અમને પોસ્ટ ઓફિસ તરફથી રજીસ્ટર નંબર મળ્યો નથી, અને તેથી અમને પોસ્ટેજનું બમણું ખર્ચ થાય છે. જેમને આ ત્રિમાસિક ઉપયોગી લાગતું હોય તેઓ જો એકાદ ગ્રાહક વધારી આપવા મહેરબાની કરશે તો આ કામ ઘણી સરલતાથી ચાલશે.

લી. સંપાદિકા "શ્રાવિકા સુબોધ."

---

**લેખકોને સૂચના**—આ ત્રિમાસિક માટે લેખો લખી મોકલવા મુનિમહારાજો સાધ્વીઓ, શ્રાવક બંધુઓ તથા શ્રાવિકાઓ તથા અન્ય વિદ્વાનો અને ભણેલી બ્હેનોને વિનંતી કરવામાં આવે છે. મહેરબાની કરી લખાણ કાગળની એક બાજુએ શાહીથી લખવું કે જેથી છાપનારને અડચણ ન પડે. જેને પોતાનું નામ પ્રકટ કરવાની ઇચ્છા નહિ હોય તેનું નામ છાપવામાં નહિ આવે. પણ અમારી જાણ માટે પોતાનું નામ તથા ઠેકાણું લખી મોકલવું.

---

## શ્રી જૈન વનિતા વિશ્રામનો હેતુ.

આ સંસ્થાનો મુખ્ય હેતુ એ છે કે જૈન વિધવા બ્હેનો આ સંસ્થામાં રહી સાધુ જીવન ગાળે, ધર્મનીતિસંબંધી જ્ઞાન પામે, તેઓનું નિરૂદ્યમી જીવન ઉદ્યોગી બને, તેઓ કર્તવ્ય પરાયણ થાય, તથા તેઓની માનસિક તથા આધ્યાત્મિક સ્થિતિ સુધરે કે જેથી તેઓનું જીવન આપોઆપ શાંતિવાળું, ગૌરવવાળું તથા આત્મશ્રદ્ધાવાળું બને, અને તેઓ પોતાના કુટુંબને સહાયક, તથા સમાજને પણ ઉપયોગી થઈ પડે. તે ઉપરાંત સધવા શ્રાવિકા બ્હેનો તથા જૈન કન્યાઓને ધર્મ નીતિની તથા વ્યવહારિક કેળવણી આપવી કે જેથી તેઓ ઉત્તમ ગૃહિણી તથા માતા બને અને કર્તવ્યનિષ્ઠ થાય.

સુરતના શ્રી જૈન વનિતા વિશ્રામને અંગે પ્રકટ થતું ત્રિમાસિક.

# શ્રાવિકાસુબોધ.

પુસ્તક ૧ લું   ૧૯૨૦ ની ૧ લી જુલાઇ.   અંક ૨ જો.

સીતા, સુભદ્રા, નળરાય રાણી,
જે દ્રૌપદી શીળવતી વખાણી;
જે એહવી શીળગુણે સવાણી,
સુલક્ષણા મેં જગમાંહી જાણી.

—સૂક્ત મુક્તાવલી.

સ્ત્રી એ પુરૂષની સહચારિણી છે, તેનઃ સરખાજ મનવાળી છે, પુરૂષની બધી પ્રવૃત્તિ સૂક્ષ્મતાએ જાણવાનો તેને અધિકાર છે. જેટલી છૂટ પુરૂષ ભોગવે છે, તેટલીજ તેને ભોગવવાનો હક્ક છે, અને જેમ પુરૂષ પોતાના ક્ષેત્રમાં સર્વોપરી છે, તેમ સ્ત્રી પોતાના ક્ષેત્રમાં છે. આ સ્થિતિ સ્વાભાવિક હોવી જોઇએ. એ કાંઈ અક્ષરજ્ઞાનનાં પરિણામ નહિ હોય. અજ્ઞાનરૂપી અંધ કુપમાં ડુબેલા જડ પુરૂષો પણ, ન શોભી શકે, ન ભોગવી શકે તેવો અધિકાર, કુડી પ્રથાને લીધે, સ્ત્રીઓ ઉપર ભોગવે છે સ્ત્રીઓની આ દશાને લીધે આપણી ઘણી પ્રવૃત્તિઓ અર્ધે જઇને અટકી પડે છે. આપણાં ઘણાં કાર્યો પૂરાં શોભી નીકળતાં નથી. અર્ધી મુડીથીજ વેપાર કરનારા પચ્છમબુદ્ધિ વેપારીના જેવી આપણી સ્થિતિ છે.

—શ્રીયુત મોહનદાસ કરમચંદ ગાંધી.

## બાળા અને બ્હેનોને હિતશિક્ષા.

### ગરબી.

( બ્હેની સાંભળ પેલી કોયલડી તરૂવૃંદમાંરે ગાતી છંદમાં રે—એ રાગ. )

સખી સદાચાર પાળી સંસાર સુધારીએરે, લાજ વધારીએરે, ટેક.
બ્હેની શિયળ સુભૂષણ સજીએ, પરનિંદા તજીએ પ્રભુ ભજીએ;
પતિવ્રત્ત પાળી ઉભય સુકુળ અજવાળીએરે, લાજ વધારીએરે. સ. ૧
વિનય વિવેક વડીલનો કરીએ, વેર ઝેરનો વાદ વિસરીએ;
અધિક ઉણે સંતોષી રહી મન વારીએરે, લાજ વધારીએરે. સ. ૨
પતિની આવક જાવક ભાળી, ખરચ ખુટણ કરીએ સંભાળી;
હઠ કરી કાંઈ ન લઇએ, નિજ મન મારીએરે, લાજ વધારીએરે. સ. ૩

જુઠી વાત ન મુખ ઉચ્ચરીએ, પરની વાતે પેટ ન ભરીએ;
ખોટી આળે પરને પીડ ન પાડીએરે, લાજ વધારીએરે. સ. ૪
ચોરી ચાડી ચૂગલી તજીએ, અદેખાઇ તજીએ સુખ સજીએ;
શોક્ય બાળકો નિજ બાળકસમ પાળીએરે, લાજ વધારીએરે. સ. ૫
ઝીણાં આછાં વસ્ત્ર ન સજીએ, અંગ અછકલાંવેડા તજીએ;
કુળવંતી કજીઓ કંકાસ નિવારીએરે, લાજ વધારીએરે. સ. ૬
સીતા દમયંતી પંચાળી, સતીઓના ગુણ નિત્ય સંભાળી;
તસ પગલે ચાલી જગ જશ વિસ્તારીએરે, લાજ વધારીએરે. સ. ૭
વિદ્યા ભણી વિપરીત જે ચાલે, માત તાત લજવે દુઃખ સાલે;
ભણ્યું ગણ્યું એળ્યું દરીએ એ નારીએરે, લાજ વધારીએરે. સ. ૮
નિર્મળ સદાચાર શીળ પાળે, સુકુળી સ્ત્રી ચાલે શુભ ચાલે;
સાંકળચંદ સુજસ સંસારે સારીએરે, લાજ વધારીએરે. સ. ૯

## નોંધ.

આ શ્રાવિકાસુબોધ ત્રિમાસિકનો પ્રથમ અંક પરમોપકારી ચરમ તીર્થંકર શ્રીમહાવીર પ્રભુની જન્મતીથિ ચૈત્ર માસના શુકલપક્ષની ત્રયોદશીને દિવસે બહાર પડયો હતો. તે જુદા જુદા સંભાવિત જૈન બંધુઓ તથા બ્હેનોપર મોકલવામાં આવ્યો હતો. તેમણે તે અંકને સારી રીતે સત્કાર આપી આ અમારા લઘુ પ્રયાસને પ્રોત્સાહન આપ્યું છે, તે બદલ તે બ્હેનો તથા બંધુઓનો આભાર માનવામાં આવે છે.

કેટલાક જૈન બંધુઓએ તથા બ્હેનોએ તેમજ વિદ્વાન્ મુનિરાજોએ આ ત્રિમાસિકના સંબંધમાં જે જે ઉપયોગી સૂચનાએ કરી છે તે લક્ષમાં રાખી તેનો અમલ આ અંકમાં કર્યો છે.

સુરતની જૈન વનિતા વિશ્રામની સંસ્થાના હેતુઓ તથા નિયમોથી જૈન પ્રજાને વાકેફ કરવી એ જે ત્રિમાસિકનો એક ઉદ્દેશ છે, તે પણ કેટલેક અંશે ફળીભૂત થતો જાય છે. ત્રિમાસિક વાંચનારામાંથી કેટલાક બંધુઓ તથા બ્હેનો તે સંસ્થાનો રિપોર્ટ મંગાવે છે, તથા તે સંસ્થા સંબંધી વિશેષ માહીતી મેળવવા ઇંતેજારી રાખે છે. આથી આશા રહે છે કે ભવિષ્યમાં વધુ કન્યાઓ તથા સધવા, અને વિધવા બ્હેનો આ સંસ્થાનો લાભ લેશે. માંગરોળ વાળા શેઠ તુલસી મોનજી કરણીને ત્યાં લગ્ન પ્રસંગે મારે જવાનું થયુ હતું. તે શહેર માંથી આ સંસ્થાને જે મદદ મળી છે, તેનો ટુંક અહેવાલ આ ત્રિમાસિકના છેવટના ભાગમાં માલમ પડશે.

આ ત્રિમાસિક માટે લેખો લખી મોકલનાર બ્હેનો તથા બંધુઓનો આ સ્થળે ઉપકાર માનુંછું. આ ત્રિમાસિક જોડે આ સંસ્થામાં રહેનારી બ્હેનોનો ગ્રુપ ફોટો આપવા ગયા અંકમાં લખ્યું હતું. પણ કેટલીક અડચણોને લીધે તે તૈયાર થઈ શક્યો નથી. ઘણું કરીને આવતા અંક જોડે જરૂર આપવામાં આવશે. જે બંધુઓ, બ્હેનોએ, તથા મુનિરાજોએ આ ત્રિમાસિકના ગ્રાહક કરી આપવા તસ્દી લીધી છે તે સર્વનો આભાર માની હાલનો વિરમું છું. લી. સંપાદક.

# જન્મદાયી પણ કહેવાતા માતપિતાને સૂચના.

## અને

## બાળકોનું કર્તવ્ય.

( લેખક:—બ્હેન અનુભવિકા. )

ગતાંકથી ચાલુ.

સુજ્ઞ વાંચકવૃંદ! માબાપો કસાઇ કરતાં પણ વધારે કઠીન અને કઠોર હૃદયવાળાં બની પોતાની બાળાને કેટલીકવાર દુઃખનાજ ડુંગરો ઉચકાવતાં જરા માત્ર પાછી પાની કરતાં નથી અને જ્યાં ત્યાં ધકકેલી મુકતાં શરમાતાં નથી તે બધું આપણા હૃદયમાં રેડાયું. હવે ક્રૂરતાની સાંકળોથી ઝકડાયેલી બાળાઓનાં હૃદય કેટલાં બધાં દુઃખથી ડસડસે છે, તે આપણે તપાસીએઃ—

સવારના નવેક વાગ્યાનો સમય થયો હતો. આકાશમાં બાળસૂર્ય પોતાનાં અગમ્ય ગૃહમાંથી રમવાને હજુ હમણાંજ બહાર આવતો હતો. પક્ષીઓ વિશાળ વ્યોમમાં આમ તેમ ફરતાં હતાં. માઘમાસનું સામ્રાજ્ય હોવાથી સવારમાં વિશેષ ઠંડી પડી હતી. શીતળ પવન વૃક્ષની ડાળીઓ ઝુકવતો હતો. શેરીનાં લોકો શાલ અથવા પછેડી ઓઢી તડકામાં સ્નાન કરતાં હતાં, અને ગપ્પાં હાંકતાં હતાં. આવા પ્રભાતના સમયે કાન્તા દીલગીર ચહેરે લમણે હાથ દઇ શેત્રંજી પર વિચારગ્રસ્ત બેઠી હતી. પાસે કેટલીક ચોપડીઓ પડી હતી. ત્યાંથી થોડેક દૂર એક સાવરણી પડી હતી. કાન્તાની આંખો તે બન્ને વચ્ચે હીંચકા ખાતી હતી. તેવામાં તે ચોપડી તરફ સ્થિર લોચનથી જોવા લાગી. ધીમેધીમે તેની આંખો અશ્રુથી ભીંજાવા લાગી અને જોતજોતામાં તેની આંખમાંથી અશ્રુઓનો અસ્ખલિત પ્રવાહ વહેવા માંડયો. સરસર કરતાં સરી પડતાં મોતીના દાણા જેવાં એ અશ્રુ બિંદુઓથી શેત્રંજી ભીની થવા લાગી. ડસકાં પણ ઉભરાઇ જવા લાગ્યાં. આ સ્થિતિ થોડીવાર ટકી રહી. નવના ટકોરા થતાંજ કાન્તાએ કોણ જાણે શા વિચારથી પોતાના સાલ્લાના છેડા વડે આંખો લુછવા માંડી. એટલામાં નીચેથી બારણાં ઉઘડયાં અને અવાજ આવ્યો, "કાન્તા"

આ કોનો અવાજ હતો તે કાન્તા જાણી ગઇ. ડુસકાંથી ભરાયેલી છાતીમાંથી કાંઇ પણ પ્રત્યુત્તર ન વાળી શકી, પણ દાદર પાસે આવી પોતાની પ્રિય સખી શાન્તાને ઉપર આવવા ઇસારત કરી. શાન્તા ઉપર આવી અને કાન્તાનું કરમાયેલું, ઉદાસ,હાસ્યશૂન્ય મુખ જોઇ પૂછયું, "કેમ બ્હેન ! આજે આમ કેમ બની ગઇ છું ? આજે તારા મુખારવિન્દમાં આટલી બધી ઉદાસીનતા કેમ જણાય છે ?"

કાન્તાએ વાત ઉડાવતાં કહ્યું, "બ્હેન એતો કાંઇ નહીં. મ્હારાં પ્રારબ્ધ. પૂર્વકૃત કર્મ અત્યારે મ્હારી સમક્ષ ઉપસ્થિત થયાં છે, દુઃખ સહન કર્યા વિના......" એમ અધવચ બોલતાં બોલતાં ડુસકાં ભરતી અટકી પડી. આંખમાંથી ચોધાર અશ્રુ વર્ષાવતી કાન્તાને જોઇ શાન્તા પણ રડી પડી. ખરેખર ! એ તો સ્વાભાવિકજ છે કે દુઃખી માણસનું દુઃખ સાંભળતાં વજ્રસમાન આપણાં હૃદય પણ પીગળી જાય છે. કાન્તાને શું દુઃખ હતું તેથી શાન્તા તદ્દન અજાણ હતી, છતાં કોમળહૃદય શાન્તા અશ્રુ તર્પણ કરે તેમાં શું આશ્ચર્ય ?

આ ઉભયં સખીઓએ રડવામાં પાંચેક મીનીટ વટાવી. ત્યારપછી શાન્તા કઠણ હૈયું કરી પોતાના અશ્રુ લુછી નાંખી બોલીઃ—" મ્હારી પરમપ્રિય સખી ! કહે મ્હારા સમ છે તને. તારૂં દુઃખ તું મ્હને નહીં કહે ત્યારે કોને કહીશ ? જુદાઈ ન રાખ. તારાં રડતાં નયન જોઇ અને ત્હારા હૃદયના ધબકાર સાંભળી મ્હારી છાતી ચીરાઇ જાય છે. ત્હારા અંતરની વરાળ મને દેખાડ જરા ધીરજ ધર બ્હેન, આમ પોચા હૃદયના થઇ ઘડીએ ઘડીએ રોઇએ તો કાંઇ દી નહીં વળે. વિપત્તિનાં વાદળ ખસેડવામાં અપૂર્વ ધૈર્યની જરૂર પડે છે તે તું ક્યાં નથી જાણતી ? ત્હારા દુઃખથી હું પણ દુઃખી છું. ત્હારાં દુઃખમાં હું અર્ધભાગ તો જરૂર માગી લઇશ. કહે બ્હેન તું કેમ રડી ? "

કાન્તાનું હૃદય ભરાઈ આવ્યું. ડુસકાંથી છાતી ખાલી કરતી બોલીઃ–" બ્હેન ! ત્હારાથી મ્હારે કોઇ વાત છાની છેજ નહીં. ત્હને કહ્યા વિના આ હૃદયનો ભાર ઓછો થવાનો નથી તને કહ્યાથીજ મ્હારૂં દુઃખ હલકું પડશે. પૈસા મૂકવા જગ્યા મળે પણ વાતનો વિશ્રામ સદ્‌ભાગ્યેજ પ્રાપ્ત થાય છે " એ કહેવત અનુસારે, હે સુખદુઃખભાગિણિ સખી ! તુંજ મ્હારો વિશ્રામ છે "

શાન્તાએ ગંભીર વદન કરી કહ્યું, " બ્હેન, આવી ત્હારી પ્રશંસાને હું યોગ્ય પાત્ર નથી. હું મ્હારી ફરજ અદા કરૂં તે કાંઇ સ્તુત્ય કાર્ય નથી. હવે આવું આવું કહી વધારે વખત ન ગુમાવ. કહી દે ત્હેં અશ્રુ કેમ પાડયાં "

કાન્તાએ રડવાનું કારણ કહ્યુંઃ-" ગઇ રાત્રિએ હું મ્હારી પથારીમાં આમતેમ આળોટતી હતી. ત્યારે મ્હારા પિતાશ્રી એકાએક બહારથી આવ્યા. મ્હારાં વૃદ્ધ માતુશ્રી સઘડી કરી તાપતાં હતાં. તોપણ ત્યાં આગળ બેઠાં. તે આવ્યા કે તરતજ હું સ્થિર થઇ આંખો મીંચી પડી રહી. અને નિદ્રાધીન થઈ હોઉં તેમ ચાળા કરી પિતાશ્રીની વાતો સાંભળવા લાગી મને નિદ્રાધીન થયેલી જાણી તેઓએ મને બોલાવી પણ નહી. પિતાશ્રીએજ શરૂઆત કરી કે, " આપણી જ્ઞાતિમાં ત્રણ મુરતિઆ છે એક તો પેલા લક્ષાધિપતિ મફતલાલનો પુત્ર અભણલાલ, બીજો પુંજાલાલનો પુત્ર કચરાલાલ અને ત્રીજો ઘેલાભાઇનો પુત્ર ગાંડાલાલ. મફતલાલ તો કાલ સવારેજ કન્યા જોવા આવનાર છે. અને બાકીના બે ત્રણ દિવસ પછીથી આવશે. પણ હવે તે ત્રણમાંથી કોણ યોગ્ય છે તે ત્હારે જોવાનું છે "

ત્યારપછી માતુશ્રીએ કહ્યુંઃ—" શાં રૂપાળાં નામ ! તેમનાં નામ સાંભળી કોણ અપાર આનંદ ન પામે ! ! "

" પણ આપણે કયાં નામ સાથે પરણાવવી છે. લક્ષ્મીવાન્ અને હોંશીઆર મુરતિઓ હોય એટલે પત્યું " પિતાશ્રીએ તેમનાં વખાણ કર્યાં

" તેઓ ક્યાં સુધી ભણેલા છે ? " માતુશ્રીએ પૂછ્યું

" ઠીક, લખી વાંચી જાણે પણ ધારે તો શીખી શકે. પૈસાદાર છે, ન ભણે તો શું ? બેઠા બેઠા સુખેથી ખાય, પીએ અને આનંદ ન કરે ! ! આટલું બધું ધન છે પછી તેમને શા સારૂ કમાવા જવું પડે ? કમાવા જવું પડે તોય અભણલાલતો લાત મારી પૈસા પેદા કરે તેવો છે. પછી શું ? જરા ભણેલાની દશા જુઓ. પેલો મણીલાલનો દીકરો કાન્તિલાલ મ્હોટો આખળા જેવડો થયો પણ હજુ ચોપડીઓનો સાલજ મૂકતો નથી. તેના બાપના પૈસાનું પાણીજ કરવા બેઠો છે, અકર્મી ! નાદાન છોકરો ! બાપને

કોણ જાણે શું એ ન્હાલ કરશે ! બારિસ્ટરની પરીક્ષા આપવા હવે વિલાયત ઉપડવાનો છે ! હવે રહ્યું કંઇ બાકી ! ત્યાં ગયો એટલે વટલાઇ જવાનો. ધરમને તો છાપરાના નેવા પર મૂકવાનો. ચોવીશમાં તીર્થંકરનું નામ હજુ આવડતું નથી. મરતી વખતે કોણ જાણે મણીલાલના કાનમાં શું એ સંભળાવશે ! એના કરતાં તો આપણો અભણલાલ બીચારો હજાર દરજ્જે સારો. ધર્મીષ્ઠ કુટંબ. ખાનદાન માણસો. લે હવે મ્હારો વિચાર તો સોએ નવાણું ટકા ત્યાંજ નામવાનો થયો છે. પછી ત્હારો વિચાર ". પિતાશ્રીએ કહ્યું.

કાન્તાએ કહેલ માતપિતાના ઉપર્યુક્ત વિચાર સાંભળી શાન્તા અત્યન્ત દીલગીર થઇ, કાન્તા ફરીથી રડવા લાગી.

" બેન, રડ ના; ધૈર્ય ધર. " ઘણા કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો " એ વાક્ય વાંચ્યું પણ તેને અનુભવમાં ઉતાર. રડયા વિના કાંઇ ઉપાય શોધ. પત્રદ્વારા તારા પિતાને તારો અણગમો દર્શાવ. અથવા તો જો તું અનુમતિ આપે તો હું તારા માતપિતાને ચરણે પડી માગી લઉં કે તારી ઇચ્છા પાર પાડે ' શાન્તાએ આશ્વાસન આપ્યું.

" બેન, કહીશ તો પણ શું ? તેઓ બીચારાં ભોળાં છે. તેઓ તો પારકી વાત પર ભરોસો રાખી અનેક જ્ઞાતિભાઇઓને હાજી હા ભણી સંતોષે છે. આથી મારૂં આ અંતઃકરણ પીડાય છે. શું કરૂં; લાચાર ! માતુશ્રી નથી જોતાં તેના રૂપને, કુળને, નથી પૂછતાં સુરતિઆઓનું શિક્ષણ, ચાલાકી, નિર્વ્યસન અને યોગ્ય વય. મારે હવે શું કરવું ? જ્ઞાતિની કરારપત્રિકામાં પિતાશ્રીએ સ્વાર્થાન્ધ બની સહી કરવી ન'તી જોઇતી. અલ્પ સુખને કાજે પોતાની પુત્રીને અંધારા કુવામાં ઉતારવા તેમણે જરા માત્ર પાછું વળીને જોયું નહી. બંધુઓના સદ્દભાગ્યે તેમને કન્યા આવી મળત પણ તેમનાં અલ્પ સુખ માટે મ્હારો શિક્ષિત હાથ એક અજ્ઞાન, વિષયાંધ, છાણ માટી ઉપાડી કલેશમાંજ જીવન વ્યતીત કરનાર કુટુંબમાં નાલાયક વયોવૃદ્ધ વ્યક્તિને અર્પવાનો સંકલ્પ મને જીવતી બાળી મૂકે છે. શું કહું બ્હેન ! પરાધીનતાથી અમર્યાદિત દુઃખ સહન કરી શકવા હવે શક્તિ નથી. બ્હેન માતપિતાએ લાડ લડાવી મ્હોટી કરી તે આજ કારણ માટે ! હા, હવે તેમના જુલમની હદ આવી રહી. જાહેરમાં જ મારૂં લિલામ કરી દેનારાંને ધિક્કાર સિવાય આ સળગતી આંતરડી શી દુવા દે ? " કાન્તાએ મનના વિચાર કહ્યા અને રડી પડી.

\+ + + + + +

બેઉ સખીઓ આમ વાર્તાલાપ કરી રહી હતી. કાન્તા પોતાના અંતરની વરાળના ગોટે ગોટા શાન્તા તરફ કાઢતી હતી અને શાન્તા ભીંજાઇ જતી હતી, તેવામાં અકસ્માત કાન્તાની માતુશ્રી ત્યાં આવી ચડી, અને તેને જોતાંજ બેઉજણ સ્વસ્થ થઇ ગયાં. શાન્તાને જોતાંજ તેની માતુશ્રી સળગી ઉઠી. શાન્તા કાન્તા પાસે આવે તે તેને બીલકુલ પસંદ નહતું. તે આવતાંજ બોલી;

" કેમ શાંતાડી, મેં તને કેટલીવાર ના પાડી છતાં મારી કાન્તાનું પાસુંજ તું મૂકતી નથી ! નકટી, તને કેટલીવાર કહું કે તારે મારી છોડીની પાસેજ આવવું નહીં. હું જાણું છું કે કાન્તાને ચઢાવી ચઢાવી છાપરે લઇ જનાર તુંજ છે. હું તને આજથી સાફ ના પાડું છું કે કાન્તા પાસે તારે આવવુંજ નહીં. ઉઠ ઉભી થા અને જા તારે ઘેર. પારકા ઘરમાં ઘુસતા શરમ નથી આવતી. સવાર પડીને આ આવી ભટકાતી નહીં તો " કાન્તાની માતુશ્રીએ તીખા મરચાં ઉડાડયાં.

"માતુશ્રી ક્ષમા કરો. મારી બેનપણીને આવાં નિર્લજ અને અપમાનકારક શબ્દો ન છાજે. જરા ધીરેથી બોલશો તો શું જશે. તે બીચારી કાંઇક આશ્વાસન આપવા આવે છે મને અને થોડીવાર સાંત્વન કરી જતી રહે છે. ક્યાં આપણા ઘરનું પવાલું પાણી એ પીએ છે. આમ નકામી ગાળોનો વરસાદ શીદ વરસાવો છો ? એણે આપણું શું બગાડયું છે વારૂ ? જે કહેવું હોય તે મને કહોને. બળતામાં ઘી હોમાય, કાંઇ જમીન ઉપર રેડવાથી દેવતા ખુશ થશે કે ?

"ચુપ રહે ! નાદાન છોકરી ! બહુ બહેકી ગઇ છે હમણાં હમણાંથી ! સવારના પહોરમાં ઉઠયાં એટલે પુસ્તકોનાં થોથાં ફેરવ્યા કર તું; તારે સાસરીઆમાં ઘણુંજ સહન કરવું પડશે ! તું શાનું આશ્વાસન કહે છે ? તને શું દુઃખ પડયું વારૂ ?" ગુસ્સાના આવેશમાં આવી માતુશ્રીએ કહ્યું.

"માતુશ્રી ! કહેતાં પહેલાં ક્ષમા કરશો. મારા મનમાં વિરાજી રહેલી મૂર્તિ સિવાય અભણુલાલ, કચરાભાઇ, અને ગાંડાલાલ બધા ભાઇ સમાન છે. મારૂં હૃદય જેમના ભણી બહુજ આકર્ષાઇ રહ્યું છે, તે મૂર્તિનેજ આ જમણો હાથ આપવા મારો નિશ્ચય છે. તે સિવાય બીજા માણસોને હું પરણનાર નહીં. પ્રથમથીજ ચોખ્ખું કહી દઉં છું" કાન્તાએ હીંમત ધરી કહેવા માંડયું.

"ફાટેલી, આટલી બધી જીભડી ન લંબાવ. તારી મરજી મુજબ લગ્ન કરાશે કેમ ? અમે આટલા બધા વરસ પાણીમાં ગાળ્યાં અને આજકાલની તું બહુ ડાહલી થઇ ગઇને ! ફલાણો પસંદ છે અને ઢીંકડો પસંદ નથી એ આપણાં ગરીબ ઘરને ન છાજે. આપણે તો રૂપા વધારે લઇ નાળીએર આપવાનું છે, સમજી !" જરા કડક થઇ માતુશ્રીએ કહ્યું.

"મારે શું સમજવાનું હોય માતુશ્રી ! વખતનાં વાજાં વાગશે ત્યારે બધુંય સમજાશે. મારા ઉપર લાલચોળ શાને થાઓ છો ? થાઓને તમારી બુદ્ધિ ઉપર. અત્યાર સુધી દાણાં દળી દળી મને કેળવણી આપી તે શા સારૂ ? ગળચી દબાવી મારીજ નાખવીતીને ! મરી ગયા પછી તમને આવા સંતાપ ન થાત."

"છકેલી છોકરી, હવે બેસ ચૂપ મરને; સામાં જવાબ આપતાં શરમાતી નથી ! હમણાં તને જોવા આવશે, અને અમારૂં ધાર્યું બધું ધુળમાં મળી જશે. એ આવી જાય પછી તારી હોળી સળગાવજે". માતુશ્રીએ નીચે ઉતરી જતાં કહ્યું.

× × × × × ×

માતુશ્રી નીચે ગયાં, અને કાન્તા ધ્રુસકે ધ્રુસકે રડી પડી.શાન્તાની આંખમાંથી પણ અશ્રુ પ્રવાહ ચાલુજ હતો. કાન્તાને બહુ જ લાગી આવ્યું. પોતાની નિર્દોષ બેનપણી શાન્તાને પણ કઠોર વચન સાંભળવાં પડયાં તેથી કાન્તાનું હૃદય ચીરાઇ જતું હતું, પણ તે સ્વસ્થ થઇ અને શાન્તાને નમન કરી કહેવા લાગી;

"બેન, ત્હારી આ કૃતઘ્ની સખીને માફ કર. મ્હારા માટે તેં બહુ જ સાંભળ્યું; પણ શું કરૂં ? ગળે ફાંસો ખાઇ આપઘાત કરૂં કે ઝેરની ભરેલી પ્યાલી પી જાઉં તોપણ માતુશ્રીએ કરેલા વાક્પ્રહાર મારાથી વિસરાશે નહીં. બેન, હવે તું જા અહીંથી. તારૂં શુભ થાઓ બેન. મારૂં વિધિએ ધાર્યું હશે તેમ થશે, બેન ! રડ ના, તું જા અહીંથી મારે લીધે તું શા સારૂ આટલું બધું સાંભળે છે ?" કાન્તાએ રડતે રડતે કહ્યું.

"કાન્તા, ધન્ય છે મને કે આજે તારી ઉપર વરસતાં ગાળીના ઝપાટાથી હું કંઇક બીની થઇ. હશે : માતુશ્રીની નજરમાં હું અપરાધી ઠરી અને તેની શિક્ષા મને મળી ગઇ. બ્હેન ! ખચીત જાણજે કે જેની સાથે તારો સંબંધ વિધાતાએ જોડવાનો ધારી રાખ્યો હશે તેની સાથે જ તું જોડાઇશ કેમકે **लिखितमपि ललाटे, प्रोज्झितु कः समर्थः** જે-યાં કર અને વિધિ જ્યાં દોરે ત્યાં જા. તે સીવાય હવે બીજો ઉપાય નથી. માતુશ્રી ગાળોના દાનેશ્વરી છે, પણ આપણે શિક્ષિત લોક ગાળીદાનમાં તદ્દન અસમર્થ છીએ. આપણી પાસે ગાળો હોય તો આપણે ગાળ દઇએને. માટે સમજુ થઇ માતપીતાના સામું કાંઇ પણ બોલીશ મા. હો ."

' બહુ સારૂં તું હવે જા. ફરીથી આજરોજ તારે ત્યાં મળીશ "

શાન્તાને વળાવા કાન્તા બારણા સુધી ગઇ અને "બેન આવજે" એમ સજળ નયને કહી પાછી પોતે પોતાની બેસવાની ઓરડીમાં આવી. અને શું કરવું હવે તેના ઉપાય શોધવા લાગી. થોડીવાર વિચાર કરી તે ઉઠી અને જાણે કાંઇ નિશ્ચય જ ન કર્યો હોય તેમ એક કાગળપર લખવાલાગી:—

"પૂજ્ય માતપિતા !

હું જાઉંછું. હોળીમાં બેસી સળગી મરવાજ જાઉંછું. પણ ક્યાં ? તે હું કહીશ નહીં. તમે તમારે કાન્તાની છબીને સુખેથી પરણાવજો. જેની સાથે મારે હૃદય મળ્યું છે તેની સાથેજ હું જોડાઇશ તમારા માર્ગમાં હું કંટકરૂપ છું. નિરર્થક શોધ કરશો નહીં. હવે હું જડીશ જ નહીં. તમે તમારા મનથી કાન્તા મરણને શરણ થઇ ગઈ છે એમ માનજો. જન્મદાયી માતપિતા !

હું જાઉંછું, હું જાઉંછું, ત્યાં આવશો કોઇ નહીં;
સો સો દિવાલો બાંધતાં ત્યાં ફાવશો કોઇ નહીં.
છે ઇશ્ક જોયો ખૂબ તો, જોયું હવે જે ના દીઠું;
કિસ્મત બતાવે ખેલ તે આનંદથી જોવા સહી.
મુજ ઉર્મિ એ તમ વારિધિ ! તમ વારિધિ મુજ ઉર્મિ છે;
જે હિકમતે આ છે બન્યું, તે જાણશો કોઈ નહિ.
કે છે ખુશી ! કે છે નહીં ! દિલ જાણતું જે છે તે છે;
જ્યા જ્યાં ઠરી દિલની ખુશી, ત્યાં ત્યાં ખુશી દીસે છે નકી.
શું પૂછવું ! શું બોલવું ! ખુશ છો અને રહેજો ખુશી;
વ્યર્થ આંસુ ખેરશો તો, પુછશે કોઇ નહીં !

—કલાપી

અપરાધ સર્વ ક્ષમા કરશો. આજથી હવે આપના કડવા વચન સાંભળી શકીશજ નહીં. પ્રવાસમાં દુઃખ પડશે તો તેને સુખ તરીકે માની લઇશ. લ્યો હવે હું રજા લઉં છું. સ્વતંત્રતાજ મારૂં ખરૂં સુખ છે. અરણ્યોમાં મને અત્યન્ત સુખ પ્રાપ્ત થશે. પ્રભુના નામનું રટન કરીશ, અને સાક્ષાત્ મ્હારા પ્રભુને મેળવીશ. હા ! પૂજ્યમાતા ! પૂજ્ય જનની ! તેં અપાર ઉપકારો મારા પર કર્યાં છે ! તે ઉપકારનો સારો અને નરશો બદલો કર્મરાજા

આપશેજ. મ્હારા લલાટમાં જે દુઃખની પરમ્પરા ભોગવવી લખી હશે, તે ભોગવવાજ હું આ ગૃહનો ત્યાગ કરૂં છું. જરાએ શોક કરીશ ના. મ્હારી હોળી સળગાવવા જેટલો શ્રમ હું નથી આપતી. દુઃખની હોળીમાં હું હવે સળગી, તેવી કસોટીઓમાંથી ગળાઇ હું શુદ્ધ થઇશ. અને એજ ચળકાટથી તમારી જ આંખમાં ઝગઝગીઆં આવશે. દુઃખથી હું ડરીશ નહીં. દુઃખની પરિસીમાને પહોંચી તેને અન્ત સુધી હું સહીશ અને મ્હારા હૃદયમાં રમી રહેલા પ્રભુનો સાક્ષાત્કાર થતાંજ મને સુખ થશે અને દુઃખના કારમાં ચક્રો શીરપરથી ખસી જતાંજ આપની આ અપરાધી પુત્રી કાન્તા, આપ બેઉહયાત હશો તો, આપની ચરણમાં ફરી એકવાર શીર નમાવશે. હે વિશ્વેશ્વર પરમાત્મા ! આપનાં સર્વ દુઃખ નાશ કરો એવી પ્રાર્થના કરી હું અટકીશ.

લી.

આપનીજ ? ના, પણ હવે

" દુઃખ સહનાભિલાષી કાન્તા "

પત્ર એક પેટી ઉપર મૂકયો. તેના ઉપર એક પત્થર મુકયો કેમકે પવનથી ઉડી ન જાય. અને પોતે પોતાનાં આભૂષણો ઉતાર્યાં અને પત્ર પર મૂક્યાં. હાથમાં ફકત એકજ બંગડી રહેવા દીધી શરીર પર સાદાં વસ્ત્રો પરિધાન કર્યાં. અને ગૃહમાંથી સટકી જવાનો લાગ શોધવા લાગી. પિતાશ્રી કાંઇક કામ માટે બહાર ગયેલા હતા. ઓરડામાં માતુશ્રી એઠાં એઠાં કામ કરતાં હતાં. પછીતમાં એક બારી પડતી હતી, ત્યાંથી દોરડું બાંધી કાન્તા આખા ગૃહને છેલ્લા નમસ્કાર કરતી સરસર નીચે ઉતરી પડી અને ક્ષણવારમાં પાછળના ચોગાનમાં આવી ઉભી રહી. કાન્તાનું ગૃહ નદીના તીરપરજ જરા ઉંચી જમીન પર હતું એટલે કાન્તા નદી કીનારે આવી ઉભી રહી. ધન્ય છે ! કાન્તાની કઠણ છાતી અને તેમાં છૂપાએલી સાહસિક વૃત્તિ ઑરજ હતી. નદી કીનારે આવી અને ઇશ્વિરનું સ્મરણ કરતી આકાશ સામું જોતી હતી; તેવામાં અચાનક તેનો પગ નદીમાં ખેંચાયો અને ધબાક દઇને તે નદીના પ્રવાહમાં પડી અને કોઇક તેને ખેચતું હોય તેમ લાગ્યું. તે કોણ હશે ? શું કોઇ જળચર જીવતો નહીં હોય; સાહસિક કાન્તાને તે કયાં લઇ જશે ! કોણ જાણે તે ખેંચનાર વ્યકિત કોણ હશે ? કાન્તા તણાવા લાગી અને નદીના પ્રવાહમાં અદૃષ્ય થઇ પિતાનું ગૃહ ત્યાગી ચાલી ગઇ.

---

નાતો દેશનું અંગ છે, અને દેશની ઉન્નતિ માટે તેમની ઉન્નતિ છે. આપણા રાષ્ટ્ર જીવનનો સૌથી મહત્ત્વનો પ્રશ્ન આપણી સ્ત્રીઓની કેળવણીનો છે. ગુજરાત એની પાછળ જેટલું ધન ખરચી શકે તેટલું થોડું છે જેટલો પરિશ્રમ લઇ શકે તેટલો થોડો છે. નાતો હજુ આ દેશમાં બીલકુલ ગતિ નતી કરતી, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. પોતાની સંતતિના આચાર વિચાર ઘડવાની, રાષ્ટ્ર જીવનની ખીલવણી કરવાની, એમાં આવતા દોષનું નિવારણ કરવાની અથવા એની ઉન્નત ભાવનાઓની પ્રેરણા કરવાની શક્તિ સ્ત્રીઓ કેળવણીથીજ મેળવી શકશે. ગુજરાતી સ્ત્રીઓ સુશિક્ષિત થશે તો ગુજરાતની એકતા અને ગૌરવ જોતજોતામાં વધશે—**સ્વર્ગસ્થ સાક્ષર રણજીતરામ વાવાભાઇ મહેતા.**

# માતાને બે બોલ.

( લેખક શેઠ ફરામજી ખરસેદજી મુ. ભાવનગર. )

' પ્રજા બાલકના પગ ઉપર ચાલે છે ' એ મહા મંત્ર દરેક હિન્દી વ્યક્તિના હૃદયમાં રમી રહેવો જોઇએ. તનદુરસ્ત બાલક એ પ્રજાના ચાલુ અસ્તીત્વનું જામીન ખત છે, અને બાલક એ પ્રજાની મૂડી છે, માટે પ્રજાના જીવન વાસ્તે બાલકના જીવનને આધ્યાત્મીક દરજ્જો આપવો જોઇએ, અને બાલ-જનનીને દરેક રાષ્ટ્રીય હીલચાલમાં દેવીપદ આપવું જોઇએ.

બાલ-સંરક્ષણનો સવાલ આજકાલ દુનિયાના દરેક સુધરેલા દેશોમાં ઘણો અગત્યનો સવાલ થઇ પડયો છે અને એટલા માટે એ બાબતને લગતી ઘણી યોજનાઓ અને સંસ્થાઓ ઉપસ્થિત કરવામાં આવી છે.

શું ઉપાયો લેવાથી બાલક તનદુરસ્ત બને અને થાય એ સવાલ કૌટુમ્બીક, સામાજીક અને રાષ્ટ્રીય છે અને તેમાં આર્થિક, ઔદ્યોગિક અને કેળવણીના પ્રશ્નોનો સમાવેશ થઇ જાય છે.

હાલમાં બીજી બાબતો ઉપર ખાસ ધ્યાન ન આપતાં, માત્ર માતા અને તેનાં બાલકનોજ આપણે વિચાર કરીશું.

એટલું તો સાચું કે બાલક માતાના જીવનમાંથી ઉત્પન્ન થયેલી પેદાશ છે. માતાના લોહીમાંથી બાલકના શરીરની રચનાનાં તત્ત્વો લેવામાં આવે છે. બાલક નવ માસ સુધી માતાનાં ઉદરમાં રહી જન્મતી વખતે વજનમાં આશરે સાત શેર હોય છે. આ વજન તેણે માતાના લોહીમાંથી મેળવેલું છે તેથી દરેક માતાએ પોતાના બાલકને દરરોજનું એક રૂપિયાભાર જેટલું વજન આપ્યું છે એમ કહીએ તો ચાલે. આવાં તત્ત્વો બાલકને પુરાં પાડવામાં માતાને પોતાના શરીરનું જીવન દ્રવ્ય આપવું પડેલું છે અને તેટલા માટે માતાએ પોતાની સગર્ભા સ્થિતિમાં પોતાના ખોરાક ઉપર વિશેષ ધ્યાન આપવાની ખાસ જરૂર છે. આથી હું એમ કહેવા માગતો નથી કે જ્યારથી માતાને સગર્ભા સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારથી તેણે ખુબ ખાવું. જત્થાનો તો દેખીતો સવાલ છેજ નહીં. બાલકનું નવ માસમાં થયેલું વજન સાત શેર છે એટલે દરરોજનું એક રૂપિયાભાર વજન આવ્યું તેથી ખોરાકના જત્થાનો વધારો તો નજીવો આવે છે, પણ લેવામાં આવતા ખોરાકનાં તત્ત્વો કેવાં હોવા જોઇએ એ સવાલ વધારે અગત્યનો છે. ઘર બાંધવાને ઇંટ, ચૂનો વગેરેની જરૂર છે, પણ જો આપણે માત્ર ચુનોજ ભેગો કરીએ અને તેથી જેવી રીતે મકાન બંધાય નહીં અને જેમ ઈંટ તથા પત્થર એકલા ભેગા કરવાથી મકાન બંધાય નહીં, પણ જેવી રીતે મકાન બાંધવામાં તેમાં વપરાતી સર્વ ચીજોની તેના જોઇતા પ્રમાણમાં જરૂર પડે છે તેવી રીતે શરીરની રચના કરવામાં પણ તેમાં જોઇતા દરેક પદાર્થો તેના પ્રમાણમાં જોઇએ. આ પદાર્થ માત્ર માતાના લોહીમાંથીજ મળી શકે અને તેટલા માટે માતાનાં લોહીમાં આ પદાર્થો તેના જોઇતા પ્રમાણમાં હોવા જોઇએ. લોહીમાં આ તત્ત્વો, માતા જે ખોરાક લે

તેમાંથી, આવે છે. માટે બાલકના શરીરની રચનાનાં તત્ત્વો, માતાના ખોરાકમાંથી લેવાનાં હોઇ ખોરાક તેવા પ્રકારનો હોવો જોઇએ. આ એક વાત થઈ.

હવે ખોરાક ખાવાથીજ લોહીમાં આ તત્ત્વો આવી જાય છે એમ નથી, કારણ કે ખોરાક પાચન થઇ, સ્વચ્છ થઇ, લોહીના ઝરામાં આવે તે પહેલાં તેને ઘણી જાતની સ્થિતિમાંથી પસાર થવું પડે છે. તે સર્વે સ્થિતિમાંથી પસાર થવાને—

૧. સ્વચ્છ અને ખુલ્લી હવામાં ઉંડા શ્વાસોચ્છ્વાસ લેવાની જરૂર છે. જેમ હવા વધારે સ્વચ્છ તેમ ફેફસામાં ફરતું લોહી વધારે સ્વચ્છ થઇ શકે છે. અને જેમ લોહી વધારે સ્વચ્છ તેમ શરીરની સર્વ ક્રિયાઓ વધારે સારી રીતે બજાવી શકાય છે.

૨. સ્વચ્છ અને ખુલ્લી હવાનો પુરેપુરો લાભ લેવાને અને લોહીની જીવનશક્તિનો પુરેપુરો ઉપયોગ કરવાને અંગ કસરતની અમુક પ્રમાણમાં આવશ્યકતા છે. જેમ લોહી શરીરના દરેક ભાગમાં સારી રીતે ફરે તેમ શરીરને બમણો લાભ છે.

(અ) શરીરના ઘસાઇ ગયેલા ભાગોને નવાં તત્ત્વો મળે છે. અને શરીરને વધવાના પદાર્થો વધારે મળે છે.

( બ ) વપરાઇ ગયેલાં તત્ત્વો જે હવે ઝેર રૂપ છે તેને દૂર કરવાને વધારે અવકાશ મળે છે.

૩. શરીરને જેમ સ્વચ્છ હવા, યોગ્ય ખોરાક અને ઘટીત કસરતની જરૂર છે તેમ તેને આરામ અને ઉંઘની પણ જરૂર છે.

ઉત્તમ પ્રકારનું બાલક થાય તે માટે માતાની પોતાની સગર્ભાવસ્થા વખતની તનદુરસ્તી ઉત્તમ પ્રકારની હોવી જોઇએ; અને તે તનદુરસ્તી સારી રહે તેટલા માટે ઉપર જણાવેલ ત્રણે પ્રકારની બાબતોની જરૂર છે

તદુપરાંત માતાની માનસિક સ્થિતિની અને તેની આસપાસની સામાજીક સ્થિતિની પણ માતાની તનદુરસ્તી ઉપર બહુ અસર થાય છે, અને તેથી તે અસર બાલકની તનદુરસ્તી ઉપર પણ થાય છે.

સ્ત્રીની સગર્ભાવસ્થામાં તેણીને એક દેવી તરીકે ગણીને તેની દરેક રીતે યોગ્ય સંભાળ લેવાની જરૂર છે અને આ બાબતમાં આપણને આપણાં પવિત્ર શાસ્ત્રનો અને આધુનિક વિજ્ઞાનનો પણ પુરેપુરો ટેકો છે.

દીકરી પરણે તે પહેલાં, અને પરણ્યા પછી તે માતા થાય ત્યારે તેણે શું શું કરવાનું છે તેનું જ્ઞાન તેને આપવું એ અતિશય જરૂરનું છે, પણ તે દિશા તરફ આપણું વલણ હોય એમ લાગતું નથી, પણ આવી સ્થિતિ હવે લાંબો વખત ચાલી શકે તેમ નથી.

આપણાં શરીરની રચનામાં મુખ્ય ચાર જાતના પદાર્થો છે:

૧. માંસ બનાવનાર દ્રવ્ય—પ્રોટીડ—Proteid.—આ દ્રવ્ય દૂધ, ઘઉં અને દાળ વગેરેમાં છે.

૨. શક્તિ આપનાર અને શક્તિ જાળવી રાખનાર દ્રવ્ય જેવા કે લૂહિ-Starch, સાકર—Sugar, વગેરે—આ દ્રવ્ય ચોખા વગેરેમાંથી મોટા પ્રમાણમાં મળે છે.

૩. ગરમી આપનાર અને જાળવી રાખનાર દ્રવ્ય—Fat.—આ દ્રવ્ય ઘી, તેલ, માંખણ વગેરેમાં મોટા પ્રમાણમાં છે.

૪. ખનીજ પદાર્થો—ચૂનો. પોટાશ, સોડા, લોઢું, મેગ્નિશીયમ ફોસફરસ વગેરે.—આ પદાર્થો દૂધ, ઘઉં, ચોખા, દાળ વગેરેમાંથી મળે છે લીલી તરકારી ( શાક ) માંથી આવા પદાર્થો બહુ સારી રીતે મળે છે.

આપણા ચાલુ ખોરાકમાંથી આવાં દ્રવ્ય મળે છે એટલે ખોરાકની પસંદગીમાં કાંઇ વિશેષ કરવાનું રહેતું નથી, પણ સગર્ભા સ્થિતિમાં માત્ર થોડો ઘણો ફેરફાર અનુકૂળ રીતે કરવો જોઇએ.

જેમ જોઇતા ખોરાકની જરૂર છે અને તેના અભાવથી નુકસાન છે તેમ ન જોઇતો ખોરાક લેવાથી પણ નુકસાન છે. સ્ત્રીઓને તેની સગર્ભાવસ્થામાં ઘણી ન ખાવાની ચીજો ખાવાનું બહુ મન થાય છે અને ખાય છે તેથી તેને પોતાને નુકસાન થાય છે, એટલુંજ નહીં, પણ તેથી બાલકને પણ તે નુકસાનના ભોગ થવું પડે છે; કારણ કે સગર્ભાવસ્થામાં બાલકનું જીવન માતાના જીવનથી સ્વતંત્ર નથી. ( અધુરૂં )

# સ્ત્રીઓનું કર્તવ્ય.

( લેખક અ. સૌ. કનુબ્હેન છગનલાલ મહેતા—સુરત. )

સુજ્ઞ બ્હેનો !

સ્ત્રીઓમાં નવો પ્રકાશ પાડતા "શ્રાવિકા સુબોધ" નામના ત્રિમાસીકને પ્રેમથી વધાવી લેવાને ભારતની સર્વ ભગિનીઓ તૈયાર થાઓ. એ ત્રીમાસિક જે વ્યક્તિદ્વારા બ્હાર પડે છે, તેને માટે હું એવી આશા રાખું છું કે એ ત્રિમાસીકથી આપણાં-સ્ત્રીઓનાં-હૃદયમાં રહેલું અજ્ઞાનરૂપી અંધકાર તેના પ્રકાશથી દૂર થશે; અને દૂર થશે એટલુંજ નહિ પણ તે વ્યક્તિના ઉંચા વિચારો, શુદ્ધ ભાવના, વગેરેની સારી છાપ એ ત્રિમાસિકમાં જરૂર પડયા વિના રહેશે નહિ. અને તે દ્વારા આપણને પણ તેમનાં સૂક્ષ્મ વિચારોની અસર થઇ લાભ થશે; તેથી મને આશા છે કે સર્વ પ્રિય બ્હેનો એનો લાભ લેશે.

પામી પદવી મોટી ઘરધણીઆણીની,
નચીંતાઇને આળસ નહિંજ સુહાયજો;
ફરજ ઘણી માથે હોરી છે આપણે,
ફરજ ચુકતે દોષિત બધે મનાયજો. પામી.

બ્હેનો !

સ્ત્રીઓનું કર્તવ્ય શું છે તે મારી અલ્પમતિ પ્રમાણે અહીં લખવાને પ્રયત્ન કર્યો છે, તો તેમાંથી હંસના સ્વભાવે સાર ગ્રહણ કરશો એવી મારી વિનંતી છે.

આ વિષય ઘણો વિશાળ છે, પણ ટુંકાણમાં હું તેનું સહેજ દિગદર્શન કરાવવા પ્રયત્ન કરીશ.

આરંભમાં જે ચાર લીંટી ઉપર લખી છે તે ઉપરથી આપે જાણ્યું હશે કે ધર્મ-પત્ની થવું યાને સ્ત્રી અને પુરૂષે લગ્નમાં સાથે જોડાવું એ કાંઇ જેવુંતેવું કામ નથી. સ્ત્રી અને પુરૂષે બન્નેએ ખાસ સમજવાની જરૂર છે કે, હવે પછી આપણે જે કરવાનું

છે તે મોજશોખમાં મિથ્યા સમય ગાળવાનો નથી, પરંતુ અનેક જાતની ફરજો બજાવીને જન્મ સફળ કરવાનો છે.

" પામી પદવી મોટી ધરધણીઆણીની" એ પ્રમાણે જે કહ્યું છે તેના મર્મ એજ છે કે સંસારના સર્વ વ્યવહારોનો બોજો પ્રધાનરૂપ સ્ત્રીના ઉપરજ રહેલો છે, ને તેથીજ ઘરધણીઆણીની પદવી મ્હોટી કહી છે.

જ્યાં પદવી મોટી હોય, ત્યાં જોખમદારી પણ મ્હોટી હોય છે–આવી રીતે સ્ત્રીએ ઘર સંસારનું રાજ્ય ચલાવવાનું છે. આ કામમાં સ્ત્રીઓની ફરજ શું છે તે આપણે જાણવું જોઇએ.

પ્રથમ તો પોતાના રાજા રૂપ પતિની પ્રત્યે તેનું કર્તવ્ય શું છે તે તેણે સમજવું જોઇએ. પતિના પર ઉંચા પ્રકારની ભક્તિ રાખવી; તેમને પોતાના ઇષ્ટ દેવ પ્રમાણે પૂજ્ય ગણવા; નિરંતર તેમનો પ્રેમ મેળવવા પ્રયત્ન કરવો; તેમનું હિત સાચવવું; અને તેમની સર્વ પ્રકારની શુભ ઇચ્છાઓ પરિપૂર્ણ કરવી એ પહેલું કર્તવ્ય છે.

નાના પ્રકારનાં સંજોગોને લીધે સંસારમાં પરિતાપ–વિપત્તિઓ–અને દુઃખનાં અનેક પ્રસંગો આવે ત્યારે પોતાના પતિને ધીરજ અને શાન્તિ મળે એવાં મીઠાં અને મધુર વચનો બોલવાં તેમજ તેમના મનને સુખ થાય એવો પ્રયત્ન કરવો, એ પણ કંઇ જેવું તેવું નથી.

કુટુમ્બમાં પતિ સિવાય જે જે બીજાં માણસો હોય છે તેમાં કેટલાંક વડિલ, કેટલાક પોતાના સમાન સ્થિતિના, અને કેટલાક ઉતરતા દરજ્જાના હોય છે. વડિલ જનોને સન્માન આપી તેમની સેવા કરવી એજ તેમના પ્રત્યેની આપણી મ્હોટી ફરજ છે

જેઓ પોતાની સમાન વયના છે તેઓની સાથે આપણે સ્નેહથી વર્તવું–અને એક બીજાના વિચારો દર્શાવી સાચા નિર્ણય પર આવવું અને યોગ્ય લાગે ત્યાં તેઓને બોધદાયક થઇ પડવું એ તેમના પ્રત્યેની આપની ફરજ છે.

વળી પોતાથી જે ઉતરતા દરજ્જાના હોય જેવાં કે સેવક વર્ગના માણસો, તેઓની સ્થિતિનો મનમાં હમેશાં વિચાર રાખવો. ભવિષ્યમાં તેઓ પણ આપણા જેવી સ્થિતિએ ચઢવાને સમર્થ થશે, એમ ધ્યાનમાં રાખવું. તેમની સાથે ક્રુરતાભરેલું વર્ત્તન કદી પણ રાખવું નહિ. પણ તેમના ઉપર દયાભાવ રાખવો અને કઠોર વચન કદાપિ ઉચ્ચારવું નહિ. એ પણ ઘણી અગત્યની ફરજ છે.

આમ કરવાથી એવા વર્ગના માણસોની ઉન્નતિ કરવામાં આપણે તેવાને સહાય આપી તેમના ફરજ શું છે તે પણ વખતો વખત સમજાવીશું તો તેઓ આપણા પર વિશ્વાસ અને અને આધાર રાખશે અને દિનપ્રતિદિન વિશેષ સારી સેવા કરતાં શીખશે.

આ સિવાય જ્યારે સંતાનને ઉછેરવાનો સમય આવે તે વખતે યાદ રાખવું કે બાળપણમાં જે છાપ અંતરમાં પડે છે તે છાપ જીવન પર્યંત ટકી રહે છે, માટે તે અવસ્થામાં પોતાના વિચારો અને કાર્યો હમેશાં ઉચ્ચ પ્રકારના રાખવાં.

બાળક આસપાસ જેવું જોશે તેવું કરવાને તે પ્રયત્ન કરશે; માટે જેમ બને તેમ આપણે સ્ત્રીઓએ પ્રેમ, કોમળતા, દયા, ક્ષમા, સહનશીળતા, ઇત્યાદિક સદ્ગુણોનું સેવન

કરવાની જરૂર છે, કે જે ઉપરથી ન્હાનું બાળક તે તે ગુણોનું અનુકરણ કરીને પોતાની જીંદગીનો સારો પાયો નાંખવાને ભાગ્યશાળી થઇ શકે.

તેઓના તન અને મનનું સારી રીતે પોષણ કરીને તેને ખીલવવાને માટે યોગ્ય પ્રયત્ન કરવો, એ પણ ખરેખરૂં અગત્યનું કામ છે.

કુટુમ્બના સર્વ માણસોનું પોષણ કરવું અને તેમનું રક્ષણ કરવું. તેમને કીર્તિવંત કરવામાં માત્ર તેઓનું સારૂં થાય છે એટલુંજ નહીં પણ સ્ત્રી પોતાનું પણ કલ્યાણ કરે છે.

આ પ્રમાણે વિચાર કરતાં દેશના ભવિષ્યનો આધાર સ્ત્રીના ઉપર કેટલો બધો રહેલો છે, તેનો પણ વિચાર સ્ફુરી આવે છેઃ—

વિશ્વ વિષે સત્તા બહુ પ્રસરી નારની,
એથી જગના હેતુ સર્વ સધાયજો;
એમ વિચારી નિશદિન વર્તો બ્હેનીરે. પામી.

આ પ્રમાણે વર્તીને આપણા જન્મનો હેતુ સફળ કરવાને આપણે શક્તિમાન થઇએ, તેને માટે પ્રથમ વિદ્યા ભણવાની જરૂર છે–વિદ્યા સંપાદન કરી આપણા ભારત દેશને માટે આપની શક્તિના પ્રમાણમાં ફાળો આપવા ભારતની સર્વ બ્હેનોએ એકત્ર મળી સંપીને કાર્ય કરવાને ઉત્સાહથી તૈયાર થવું જોઇએ. આપણો દેશ જે અત્યારે અધમ દશાએ આવી પડયો છે તેને પાછો પૂર્વની સ્થિતિએ લાવવા આપણે સર્વેએ પ્રયત્ન કરવો જોઇએ.

. દેશ હિતનાં કામો કરવાને જગતની સર્વ શુભ શક્તિઓ આપણને સહાય કરે અને શક્તિમાન બનાવે, એજ છેવટની પ્રાર્થનાં છે.

માટે મારી ભારતની ભગિનીઓ! હાલમાં આપણો જે વ્હાલો દેશ દુઃખની ખીણમાં પડયો છે તેને સત્વર પાછો સુખની ઉંચી ટેકરી પર લાવવા પ્રયત્નશીલ થાઓ.

# સ્ત્રીઓની શોભા.

### શ્રીયુત ગોકુલદાસ દ્વારકાદાસ રાયચુરા.

શાંતિ, વિવેક અને વિનયથી ગૃહરાજ્ય ચલાવવામાં સ્ત્રીઓની સાચી શોભા છે.

સુખ દુઃખમાં સમાન ભાવથી પતિની સહચારિણી થવામાં સ્ત્રીઓની સાચી શોભા છે.

નયનમાં નેહ, મીઠી મંજુલ વાણી, પ્રેમપૂર્ણ હૃદય અને શીલવંતું જીવન એ સ્ત્રીઓની સાચી શોભા છે.

સાદાઇ અને સ્વચ્છતા સાથે હૃદયમાં વિશુદ્ધતા ધરાવવામાં સ્ત્રીઓની સાચી શોભા છે

ગૃહની ગુલામડી નહિ પણ પોતે " ગૃહદેવી " છે એવો સુન્દર ભાવ સમજી તે પ્રમાણે વર્તવામાં સ્ત્રીઓની સાચી શોભા છે.

નમાલાં, નિર્બળ અને દુરાચારી બાળકોની માતા થવાને નહિ પણ સર જગદીશચંદ્ર બોઝ, સર રવિન્દ્રનાથ ટાગોર, લોકમાન્ય તિલક મહારાજ અને ડૉ. સુબ્રમન્ય આયર જેવા પ્રભાવશાલી, દેશભક્ત વીરનરોની માતા થવાને પોતે સરજાયલી છે એમ સમજવામાં સ્ત્રીઓની સાચી શોભા છે.

ક્લેશ, નિંદા, તિરસ્કાર, કુથલી અને અદેખાઇને અળગાં કરી, સુસંપ, સદ્દવિચાર, દયા, જ્ઞાનપૂર્ણ વાતો અને સ્નેહનું સામ્રાજ્ય સ્થાપવામાં સ્ત્રીઓની સાચી શોભા છે.

ફેન્સી પોશાક પહેરી પતિને કેટલાક વ્યર્થ ખર્ચમાં ઉતારવા કરતાં સાદો અને આબરૂદાર પોશાક ધારણ કરી પોતાથી બની શકે તેટલો પૈસો બચાવી દુઃખી દેશ બાન્ધુઓના ઉદ્ધાર અર્થે પ્રયત્નો કરવામાં સ્ત્રીઓની સાચી શોભા છે.

સાસુ, સસરા અને કુટુંબની કુથલી કરવામાં રોકાયલી બ્હેનોને જ્ઞાનની વાતો સમજાવી સદ્દમાર્ગે ચઢાવવામાં સ્ત્રીઓની સાચી શોભા છે.

એકાદ સુન્દર મશીન પાલીસવાળો દાગીનો પહેરી શરીરને શોભાવવા કરતાં એકાદ સુંદર સ્ત્રીજીવનના મોંઘેરા પાઠો સમજાવનારૂં પુસ્તક વાંચી—તેનો વિચાર કરી–તેવું શુભ વર્તન જીવનમાં ઉતારવામાં સ્ત્રીઓની સાચી શોભા છે.

" પતિ એજ પરમેશ્વર " એ સૂત્રને દૃષ્ટી સમક્ષ રાખી પતિમાં રહેલા દુર્ગુણો આડકતરી અથવા સીધી રીતે સુધારવા નિરંતર પ્રયત્નો કરવામાં સ્ત્રીઓની સાચી શોભા છે.

અજ્ઞાન બ્હેનો તરફ તિરસ્કારને બદલે દયા દાખવી, તેઓ ખરેખરી સ્ત્રીઓ બની શકે તે માટેના માર્ગો શોધી, તેઓને સુમાર્ગે ચઢાવવામાં સ્ત્રીઓની સાચી શોભા છે.

પુત્રી તરીકે, બ્હેન તરીકે, પત્ની તરીકે અને માતા તરીકે સંસારમાં પોતાની ફરજ બજાવવા નિપુણતા પ્રાપ્ત કરવામાં સ્ત્રીઓની સાચી શોભા છે.

" લગ્ન " એ શબ્દનું ખરેખરૂં રહસ્ય સમજી વિકાસક્રમમાં અહર્નિશ પતિના મદદગાર થવામાં સ્ત્રીઓની સાચી શોભા છે.

ફ્લોરેન્સ નાઇટેંગલ, દેશભગિની નિવેદિતા અને હિંદ ઉદ્ધારકમૈયા એસન્ટ જેવી સેવિકા થવામાં સ્ત્રીઓની સાચી શોભા છે.

## દુઃખીને દીલાસો.

( લેખક. અ. સૌ. યશોદા બ્હેન. )

પ્રિયસખી લીલાવતી !

તારો પત્ર વાંચતાં તારી તેમજ તારા જેવી અનેક વિધવાઓની દુઃખમય સ્થિતિ મારી આંખ આગળ ખડી થાય છે. તારી વૈધવ્ય સ્થિતિમાં પુત્ર મોટો થશે, સૌ સારાં વાનાં થશે; એવી આશાએ તારા દિવસો પસાર કરતી હતી તે તારી આશા પણ નિષ્ફળ થઇ અને હવે તારૂં જીવન કેવળ નીરસ થઈ ગયું છે, એમ તને જણાય છે. હવે જીવન જીવવા યોગ્ય નથી અને આના કરતાં તો આપઘાત કર્યો હોય તો સારૂં એવા વિચારો તારા મનમાં પેદા થાય છે. તારો પત્ર વાંચતાં કઠણ હૃદયના મનુષ્યોની આંખમાંથી પણ આંસુ ચાલવા લાગે એવી તારી સ્થિતિ છે. પણ વ્હાલી બ્હેન ! જરાપણ ગભરાઇશ નહિ, અને મુંઝાઇને આપઘાત કરવા જેવું સાહસ કામ કરવા દોરાતી નહિ. હું અત્યારે તને જે સલાહ આપું છું તે પર વિચાર કરજે તો તને કાંઇક શાંતિ મળશે. તારૂં દુઃખ સર્વથા દૂર થશે, એવું કહેવાની તો મારી હિમ્મત નથી, પણ તારૂં દુઃખ સહ્ય થશે, અને તે દુઃખમય સ્થિતિનો

તું એવી રીતે સદુપયોગ કરી શકીશ કે ભવિષ્યના જીવનમાં આવા દુઃખના પ્રસંગો તારે શિર આવી પડશે નહિ.

બ્હેન ! તારો જીવન સાથી ચાલ્યો ગયો. જેના જીવન સાથે તેં તારૂં જીવન વણી નાખ્યું હતું, અને જેની આંખોએ તું દુનિયાને જોતી હતી, તે તારા પ્રિયપતિના મરણનો ઘા હજુ તું ભૂલી ગઇ નથી. તેમના મરણ સમયે તારો પુત્ર દોઢ વર્ષનો હતો. તે મોટો થઇને પાંચ વર્ષનો થયો. તારા હૃદયની ઉજ્જડ જેવી થએલી ભૂમિપર નવું પુષ્પ ઉગવા લાગ્યું, તારી આશાઓ બંધાઇ, એ આશાને અંકુરા આવવા લાગ્યા, પણ વિષમ કાળે એકજ ઝપાટે તે પુષ્પને અને તેની સાથે તારી સર્વ આશાઓને ઉડાડી દીધી. તું હતી નહતી થઇ રહી. આ તારી દુઃખમય સ્થિતિથી મને નથી લાગતું એમ નથી. બ્હેન ! તે હું જોઇ શકું છું અને તારી સાથે મારો ખરા હૃદયની દીલસોજી છે. જો તારામાં હૃદયના ભાવ જોવાની શક્તિ હોય તો તું મારા હૃદયમાં તારા દુઃખનું પ્રતિબિંબ જોઇ શકીશ. પણ બ્હેન ! મને જે કાંઇ સદ્‌જ્ઞાન મારા માતપિતા પાસેથી મળેલું છે, તથા મારા પ્રિયપતિએ મને જે સદ્‌બોધ આપ્યો છે, તે વડે હું તે દુઃખનો કેવી રીતે સદુપયોગ કરવો એ કાંઇ જોઇ શકું છું અને મારા તે વિચારો હું તારી આગળ રજુ કરૂં છું.

વ્હાલી બ્હેન ! જો તારી સાથે બેસી રડવાથી તારૂં દુઃખ ઓછું થતું હોય તો આ તારી બ્હેન રડવાને તૈયાર છે, પણ તેથી તો તારા દુઃખમાં વિશેષ ઉમેરો થશે. તને તારા પર પડેલા ઘાનું સ્મરણ થશે, અને ઘા તાજા થશે. માટે જે હું બોધ આપું છું તે ઉપરથી મારૂં હૃદય નિષ્ઠુર છે-લાગણી વગરનું છે, એમ માનવાની ભૂલ કરતી ના.

વ્હાલી સખી ! આપણે માથે જે કાંઇ દુઃખ આવે છે, તે બે કારણથી આવે છે. આપણે તે દુઃખને વાસ્તે લાયક છીએ માટે તે આવે છે, અને વળી તે દુઃખ આપણને અમુક પાઠ શીખવવાને આવે છે કે જે પાઠ આપણે બીજી કોઇ રીતે શીખી શકીએ નહિ. તારૂં વૈધવ્ય એ તારા પૂર્વ કૃત કર્મને આભારી છે. તેં તારા પતિની માંદગી વખતે ઘણી સારી સેવા કરી, રાતદિન ઉજાગરા વેઠીને તેમની બરદાસ કરી, દવા પાછળ પૈસા ખરચવામાં તેં પાછું વળીને જોયું નથી, છતાં તેમનું મરણ થયું. હવે આ સ્થિતિને વાસ્તે તું લાયક હતી, એમ કહેતાં કલમ ચાલતી નથી, પણ કર્મના નિયમ પ્રમાણે તેમ કહ્યા વગર છૂટકો નથી. તારા વ્હાલા-લાડોલા-રમકડા તુલ્ય આંધળાની આંખ સમાન પુત્રના મરણનું કારણ પણ તારો પૂર્વ ભવનો કોઇ દોષ હોવો જોઇએ કે જેથી પુત્ર વિયોગનું દુઃખ સહન કરવાનો તને પ્રસંગ પ્રાપ્ત થયો. પણ આ બધું ભૂતકાળના કર્મોનું પરિણામ છે. તેના ઉપર હવે તારો અધિકાર નથી. અને હવે તે બાબત બબડવાનો કે શોક કરવાને સમય નથી. બબડવાથી, શોક કરવાથી કે પારકા દોષ શોધવાથી તારી હાલની સ્થિતિ સુધરશે નહિ. એટલુંજ નહિ પણ તારૂં ભવિષ્ય પણ બગડશે માટે હવે તારા ભવિષ્યનો વિચાર કર. ભૂતકાળમાં રમવાનું છોડી દે. અને વર્તમાન કાળનો એવો સારો ઉપયોગ કરકે તારૂં ભવિષ્ય તારી ઇચ્છા પ્રમાણે બની શકે.

બ્હેન ! કુદરતના નિયમ પ્રમાણે દુઃખ એવા રૂપમાં આવે છે કે જો આપણે તેનો ઉપયોગ કરીએ તો આપણો વિકાસ ઘણી ત્વરાથી થાય. આ વૈધવ્યનો પણ હેતુ છે. તારા પુત્રનું મરણ થયું એમાં પણ હેતુ રહેલો છે. તારો સ્વભાવ અતિ પ્રેમાળ છે. તું

અનેક નમાયાં બાળકોની માતા થવાને સરજાએલી હતી. તારો પ્રેમ તારા એકના એક પુત્રમાં ગોંધાઇ રહ્યો હતો. હવે તું સ્વતંત્ર છું. હવે જે હેતુથી તારો જન્મ થયો હતો તે પાર પાડવાનો સમય આવી લાગ્યો છે.

બ્હેન ! તું ભણેલી છું, તું સમજુ છે. હવે તો તારે પણ નરસિંહ મહેતાની સાથે ગાવા લાગવું કે:—

'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રીગોપાળ'' હવે પ્રભુને ભજવાનો સમય આવ્યો છે. પણ તે પ્રભુને ભજવાનો ઉત્તમ માર્ગ એજ છે કે સર્વ મનુષ્યોમાં રહેલા પ્રભુને પ્રથમ ભજવો, આ કાર્ય ક્ષેત્ર વિશાળ છે. પણ બ્હેન ! તારે તારા પોતાના વાસ્તે કાર્યક્ષેત્ર નક્કી કરવું જોઇએ. મારી સમજ પ્રમાણે તારે તો જે વિધવા બ્હેનો નિરાધાર, અભણ, અજ્ઞાત હોય તેના ઉદ્ધારના માર્ગ શોધી કાઢવા જોઇએ. તેમના ભણી તારો દીલસોજી ભર્યો હાથ લંબાવવો જોઇએ. અને તે ઉપરાંત જે બાળક કે બાળકી માબાપ વિનાનું હોય તેમનું ભલું કરવાનો રસ્તો હાથ ધરવો જોઇએ. આ સેવાને તારો જીવનનો સાથી બનાવ. તે સેવા દ્વારા પ્રભુ તારા જીવનનો સાથી થશે, અને ભવિષ્યમા તું અખંડ સૌભાગ્ય પ્રાપ્ત કરીશ. બ્હેન ! આ કામની શરૂઆત તાર કુટુંબથી કરજે.તારી નણંદ તથા તારી ભત્રીજી જે વિધવાઓ બનેલી છે, અને જે પોતાના દિવસો દુઃખમાં ગાળે છે, તેમની સાથે તું હેતથી બોલવા લાગ. તેમના ભણી દીલસોજી રાખ. તારો નવરાશનો સમય તેમના આગળ સારાં બોધદાયક પુસ્તકો વાંચવામાં ગાળજે. આથી તેમના કંટાળાભર્યા જીવનમાં કાંઇક રસ આવશે; અને તેમના આનંદથી તને પણ કાંઇક આનંદ અનુભવાશે.

બ્હેન ! તું એકની નહિ પણ અનેક નિરાધાર અને અનાથ પુત્રોની માતા થજે. તે તને ખરી માતા કરતાં પણ વધારે પ્રેમથી વ્હાશે. દીલસોજીમાં . સામા પ્રત્યેની ખરી લાગણીમાં કેટલું બધું બળ અને આકર્ષણ છે, તે તો જ્યારે તારા અનુભવમા આવશે, ત્યારેજ તું સમજી શકીશ. બ્હેન ! આ માર્ગે ચાલતાં કાંઇપણ અડચણ પડે તો આ તારી બ્હેનને પૂછજે. આ પત્ર પૂરો કરતાં પહેલાં સહૃદય કલાપિએ લખેલી કેટલીક લીંટીઓનું સ્મરણ થાય છે, તે હું અહીં લખી મોકલું છું. તે પર વિચાર કરજે.

છે વૈધવ્યે વધુ વિમલતા બ્હેન ! સૌભાગ્યથી કૈં !
છે ભક્તિમાં વધુ વિમળતા બ્હેન ! શૃંગારથી કૈં !
બ્હેની તારા મૃદુ હૃદયને બોધ વૈધવ્ય આપી;
ઉંચે ઉંચે તુજ દિલ જશે લેઇ ધીમે ઉપાડી.

લી. તારી સમસુખદુઃખી
વ્હાલી સખી
"યશોદા".

# પરદોષ દર્શન.

( લેખક ગં. સ્વ. સંતશિષ્યા-અમદાવાદ. )

મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે, એમ દરેક મનુષ્ય કહે છે એટલુંજ નહિ પણ પોતાની ભુલોને દબાવવાને-થયેલી ભુલોનો બચાવ કરવાને પણ એજ સૂત્ર કામે લગાડે છે. પરંતુ જ્યારે બીજા મનુષ્યની ભુલો જોવામાં આવે છે તે વખતે કોણ જાણે તે-ઉપરોક્ત સૂત્ર ક્યાં જતું રહે છે તે સમજાતું નથી ! સઘળા કલેશ અને વૈરની ઉત્પતિનું મુળ આજ છે, અન્ય કશું નહી. ટુંકી દૃષ્ટી અને અન્યની ભૂલો જોવાની ટેવ એજ વૈરને જન્મ આપનાર છે. આવા પ્રકારના વૈરભાવ જોકે પ્રથમ બહુજ ટુંકા પ્રમાણમાં હોય છે, પણ જેમ જેમ સમય જતો જાય છે તેમ તેમ જો અન્યની ભુલ અને કાર્યનો આશય સમજવામાં લક્ષ ન અપાય અને દોષ દૃષ્ટિ દૂર ન થાય તો પછી વેરભાવ ભયંકર પરિણામ પકડે છે. અને છેવટે એકજ પિતાના પુત્રો એકબીજાના કટ્ટા દુશ્મનો બની તુમુલ યુદ્ધ મચાવે છે, લોહીની નદીઓ વહેવડાવે છે અને દેવીભૂમિને રાક્ષસીભૂમિ બનાવે છે અને પોતાની તેમજ અન્યની પાયમાલીનું બીજ રોપે છે જેનાં કડવાં ફળો ભવિષ્યની પ્રજા ભોગવે છે અને તે પણ પાયમાલ થાય છે. આ શું ઓછી ખેદકારક બીના છે ?

સુખાર્થી મનુષ્યોએ આવી ભયંકર પાયમાલીનું મૂળ જે દોષ દૃષ્ટી તેનાથી જેમ બને તેમ અળગજ રહેવું જોઇએ જેથી કરી પોતાનું અને પરનું અહિત થતું અટકે. જ્યારે અન્યની ભૂલો અને દોષો જોવામાં આવે ત્યારે તેવાઓ પ્રત્યે તિસ્કાર બતાવવાને બદલે વિશુદ્ધ પ્રેમ બતાવવો જોઇએ. પરંતુ હાલમાં તો ઘણું કરી અન્યની ભૂલો જોવામાં આવી-પછી ભલે તે ઘણીજ નાની હોય અથવા મોટી હોય પણ ભૂલ દીઠી-કે તુર્તજ તેના સગાંસ્નેહી, સ્વજન કે દુર્જન ઘણું કરી બધાંય એક યાતો બીજા રૂપમાં તેને ઉતારી પાડવા યત્ન કરે છે, તેને નિંદે છે, લોક દૃષ્ટીમાં તેના સદગુણો છુપાવી દુર્ગુણ આગળ ધરી સ્થળે સ્થળેથી તેનો તિરસ્કાર થાય તેવા પ્રયત્નો કરે છે. તેની સાથે બોલવું નહી. તેની સાથે લેવાદેવા નહી. તેને તેને કોઇપણ પ્રકારની મદદ નહી. તેના પ્રત્યે દયા જેવી લાગણી નહી. અહા ! આતે મનુષ્યની કેટલી બધી જડતા ! પરમ કૃપાળુ મહાત્મા પુરૂષોએ તો પાપીમાં પાપી અને અધર્મી જુલમી તરીકે લેખાતા જીવોને તારીને તેનો તિસ્કાર કર્યા વિના મહાન વ્યક્તિયો બનાવ્યા છે ત્યારે તેનાજ પુત્રો આજે એકબીજાની ન્હાની સરખી ભૂલ પણ સાંખી શકતા નથી, એના જેવી નિર્દયતા બીજી કઇ કહેવાય ? બીજાની ભૂલો જોવામાં આવતાં અને તેનો તિરસ્કાર થતાં ભૂલ કરનારની લાગણી ઉશ્કેરાઈ જાય છે અને અન્ય મનુષ્યો પ્રતિ ધિક્કાર વૃત્તિ ઉત્પન્ન થાય છે, તેમજ વધારે ભૂલો કરવાની પ્રવૃત્તિમાં પડે છે. તેનો મને જાતિ અનુભવ છે. વિદ્વાનો કહે છે કે " મનુષ્યને થોડી ભૂલોમાંથી વધારે ભૂલો કરાવનાર અને દોષ તેમજ જુલમના ખાડામાં ઉતારી પાડનાર બીજું કોઇ નહી પણ નિંદક અને દોષ ગ્રાહી મનુષ્યોજ છે અને એવા નિંદકો આ દેવી પૃથ્વીને રાક્ષસી પૃથ્વી બનાવે છે. "

આ સોનેરી શબ્દોને અસત્ય કહેવાની કોણ હીમત કરશે ? સમજો કે કોઇ પણ ધાતુનું વાસણ કેટલોક વખત એમનું એમ પડ્યું રહે અને તેથી તેને કાટ લાગી જાય; પછી તે વાસણને જોઇ " આને તો કાટ લાગી ગયો છે, આતો ખરાબ થયું છે " એમ કહી તે વાસણની ઉપેક્ષા કરીને તેને સુધારવા પ્રયત્ન ન થાય તો પરિણામે તે વાસણનો લાંબા સમયે સદંતર નાશ થાય, પણ તે વાસણને કાળજી પૂર્વક દરરોજ માંજવામાં આવે તો એક વખત એવો પણ આવે કે જે વાસણ ખરાબ દેખાતું હતું તેજ સુંદર બને અને તેનો ઉપયોગ કરવાની હોંશ થાય છે. તેવીજ રીતે મનુષ્યને કોઇ પણ જાતના સંજોગોને લીધે કાટ લાગ્યો હોય ત્યારે તેનો તિરસ્કાર થાય તો તેને પોતાની ભૂલ સુધારવાનો અવકાશજ ન મળે, પણ તેના પ્રત્યે કાળજી રાખી તેને સદુપદેશથી સુધારવામાં આવે તો તે મનુષ્ય એક વખતે મહાન વ્યક્તિ બની શકે છે એ તદન સંભવિતજ છે. એક ઠેકાણે મેં વાંચ્યું છે કે " હાલનો ઉત્તમોત્તમ જીવ અને હાલનો અધમાધમ જીવ સમય જતાં અવસ્થાન્તરને પામે છે " મનુષ્યની બાહ્ય અને અભ્યંતર સ્થિતિ હમેશાં એક સરખી રહેતીજ નથી તો પછી આપણે હાલમાં અન્યની હાંસી, નિંદા અને તિરસ્કાર કરીએ છીએ પણ કદાચ કર્મસંયોગે એવીજ કે એથી પણ વધારે ભયંકર ભુલો આપણે કેમ નહિ કરીયે એની ખાત્રી શું ? આપણું સંપૂર્ણ જીવન કોઇપણ જાતની ભુલ વિનાનું જશે એના માટે જામીન કોણ ? કોઇ નહી. દુનિયામાં કહેવત છે કે ઢાંક્યા કર્મની કોને ખબર છે ? કોઇને નહી. તો પછી બીજાઓ પ્રત્યે બીજાની ભૂલો પ્રત્યે શા માટે વિચાર સરખો પણ કરવો જોઇએ !

એકતો આ મનુષ્ય જીવનની સ્થિતિ અલ્પ અને વળી અનિશ્ચિત એવા જીવનમાં પોતાનું આ ભવનું અને અને આવતા ભવનું હિત કરવાને બદલે પરોપકાર કે એવા કોઇ જીવન સાર્થક કરનાર કર્તવ્ય કરી તેમાં જીવનની પુર્ણતા કરવાને બદલે પારકી ભૂલો અને દોષો જોઇને તેઓની નિંદા વિગેરે કરી આ અમુલ્ય જીવન નિરર્થક ગુમાવી અધોગતી હાથે કરી શા માટે વ્હોરવી જોઈયે ? ટુંકામાં એજ કે અન્ય મનુષ્યનાં બહારનાં કર્તવ્ય જોઇ એકદમ તેને માટે હલકો મત બાંધવો નહી પણ તેના વિચારો આપણી દૃષ્ટિયે હલકા જણાતાં, કામનો આશય અને કાર્યનો ઉદ્દેશ પુરેપુરો સમજવા પ્રયત્ન કરવો. અને કાર્ય કરનારનો આશય પૂર્ણ સમજાય, ત્યાર પછીજ જે કાંઇ અભિપ્રાય બાંધવો હોય તે બાંધવો પણ એમાં શું ? આ કામ તો દેખીતી રીતેજ હલકું છે વિગેરે કહી કાંઇપણ સાહસ કરવું નહી. વખતે એમ સાહસ કરતાં આપણીજ ભૂલ થતી હોયતો ? માટે દરેક કાર્ય દરેક વાક્યનો ઉચ્ચાર બહુજ સંભાળથી અને સાવચેતીથી કરવા પ્રયત્ન કરવો. જાતે ઘણી તપાસને અંગે કદાચ કોઇના કર્તવ્ય એકદમ હલકાજ જણાય તો આપણે તેનાથી દૂર રહેવું પણ તેની હલકાશ પાડવા ઉદ્યમ કરવો નહી. વિદ્વાનો કહે છે કે 'લેવાય તો ગુણ લેવો પણ કોઈનો દુર્ગુણ લેવો નહી'; બોલાય તો સત્ય અને પ્રિય બોલવું પણ અસત્ય અને અપ્રિય તો બોલવુંજ નહીં; થાય તો કોઇની પણ ભક્તિ કરવી નહીંતર દુર રહેવું પણ અભક્તિ કરી પોતાની પાયમાલીનું બીજ રોપવું નહીં; આ શબ્દો દરેકના હૃદયમાં કોતરાઇ રહે અને પરલક્ષી મટી સ્વલક્ષી બની આત્મશ્રેય કરે તે મનુષ્ય કોઈપણ રીતે દુખી થાય ? નિશ્ચે નજ થાય; પરંતુ ચાલુ જમાનામાં તેમ બનવું અશક્ય છે. શ્રીપાળ મહારાજના રાશમાં આવેલા એક શ્લોકમાં પણ કહ્યું છે કેઃ—

## स्वस्तुतिं पर निंदा वा, कर्ता लोकः पदेपदे,
## परस्तुतिं स्व निंदा वा, कर्ता कोऽपि न विद्यते.

પોતાની સ્તુતિ અને પારકી નિંદા કરનાર લોકો ઘેરે ઘેર જડી આવશે. પરંતુ પોતાની જ નિંદા અને પારકી સ્તુતિ કરનાર તો કોઈક વિરલાજ હોય છે. દુર રહેલા એવા ડુંગરા બળતા જોવા નહીં જતાં પોતાનોજ ઉંબરો બળતો જોઇ તેને હોલવવાનો ઉપાય કરવો તેજ શ્રેષ્ઠ છે. એ વિષે શિખામણ લેવા લાયક એક ગરબી નીચે લખવામાં આવે છે; તે વાંચીને આપણે બધાએ વિચારવું જોઇયે.

સારી આ શિખામણ સર્વે સાંભળો, કહું છું ઉરમાં આણી ઉંડી દાઝજો;
દુનિયાના લોકોમાં દોષ વધી પડયા, તેનું શોધે કોઇ ન કારણ આજ જો. સારી. ૧
મોટાના અવગુણતો સઉ ઢાંકયા રહે, તેને કહેવા કોઇ ન ભીડે હામજો;
વ્યાજ વધીને બમણા તમણા થાય છે, તોય વખાણે મુખ પર લોક તમામ જો સારી. ૨
સામાના દોષો તો સહુ જોતા રહે, રાઇ સમો કણ કોળા સમ દેખાય જો;
નિજ અવગુણ તો વીરલા જન જોવા મથે, જાતે જુવે તો તેનાં કારજ થાયજો. સારી. ૩
દોષ વધ્યાં તે સાથે દુખ વધ્યાં ઘણાં, માટે તેનો કરવો કાંઇપણ ક્યાસજો;
પોતાના દોષો સૌ પોતે પારખો, હૃદય તણી સૌ રાખો રોજ તપાસજો. સારી. ૪
સુતાં ઉઠી સ્મરણ કરો જગદીશનું, માગો મુખથી એવું પ્રભુની પાસજો;
દિવસ બધામાં દુર્બુદ્ધી આઘી ખસે, સત્કર્મોનો સદા રહે અભ્યાસજો. સારી. ૫
એવો ઉદ્યમ ઉપરથી સઉ જન આદરો, નિશ્ચય કરીને નિર્મળ રાખો ચીતજો;
દુખ જશેને સુખના દહાડા દેખીશું, પ્રભુજી કેરી પુરણ વધશે પ્રીતજો. સારી. ૬
સુતાં પાછાં સ્મરણ કરો જગદીશનું, સુખને માટે માનો પ્રભુનો પાડજો;
વળતી પુછો પ્રશ્ન ઘણાં મનને તમે, દીવસ બધામાં કીધો કાંઇ અનાડજો. સારી. ૭
પરમાર્થ કીધો કે પીડયા લોકને ? કાળું હૃદય હતું કે ચોખું ચીતજો ?
નિંદા મેં કીધી કે રૂડું ભાખીયું ? દ્વેષ કર્યો કે પુરણ રાખી પ્રીતજો ? સારી. ૮
ભુંડું કરીને રાચ્યો છું હું કોઇનું ? ભુંડું ઇચ્છી ભુલ્યો છું નિજ ધર્મજો ?
ભુંડાના સંગે શું હું ભુંડો થયો ? અવળો ચાલી કીધાં કુડાં કર્મજો ? સારી. ૯
નિજ મન ખોધો મોટા મનના માનવી, બીજાના અવગુણની વળતી વાતજો;
સૌ સૌનું સંભાળે સૌ સુખ પામશો, નવ થાશો કોઇ રાંક દમી રળીયાતજો. સારી. ૧૦
ટીલાંને ટપકાં નવ રાખો એકલાં, તેની સાથે મનનો કાડો મેલજો;
માળાનાં મણકા નવ મેલો એકલા, રાખો નીતિ તે સાથે સામેલજો. સારી. ૧૧
ભુંડું શું ભાખો છો ભક્ત અનીતની, જ્ઞાની થઇને મનમાં રાખો દ્વેષજો;
મેલુ મન રાખો છો શુદ્ધ શરીરમાં, મન માર્યાવિણ મિથ્યાવેશ વિશેષ જો. સારી. ૧૨
જગત બધું જાણે છે જુઠા વેશને, તોપણ મુખપર કરતા લોક વખાણજો;
તેથી નવ ભૂલાતા ભારે માનવી, ઇશ્વર છે અાહ્યાંતરનો જાણજો. સારી. ૧૩
દુનિયાના ડાહ્યા નવ થાશો એકલા, ઇશ્વર રાચે એવાં કરજો કર્મજો;
ચાર ઘડીનું ચાંદરણું ચાલી જશે, વળતી ઇશ્વર જોશે ધર્મ અધર્મજો. સારી. ૧૪

મન ચોખ્ખું રાખો તો મહા પદ પામશો, બીજા જાણો મિથ્યા સર્વ ઉપાયજો;
ટેક રહ્યો દુનિયામાં તેથી શું થયું, જો ઇશ્વરનો અણુરાગીપો થાયજો. સારી. ૧૫
નિજ મનને શોધેથી દુર્ગુણ વામશો, વળતી વધશે પ્રભુમાં પ્રેમજો;
તેથી સજ્જન શાંતિને સુખ પામશો, પ્રભુ પણ તમ પર રાખે ~~રૂડી રહેમજો~~. સારી.૧૬

એટલું તો ચોક્કસ ખ્યાલમાં રાખવા જેવું છે કે જો કોઇ મ્હોટા માણસોએ અનેક અયોગ્ય કામ કર્યાં હશે અને કરતાં હશે તોપણ ~~તેને કોઇ~~ કાંઇપણ કહેવાની હામ બીડી શકશે નહી, પરંતુ ઉપરથી તેના વખાણ કરવા પણ ચુકશે નહી. પણ જો કોઇ સાધારણ મનુષ્યના સેજ ગુન્હા આવ્યા હશે તો તેને ભયંકર અયોગ્ય ગણી તે મનુષ્યને તદન જાનવર જેવું બનાવી દે છે કે જેથી તે બીચારૂં કોઇપણ કાર્ય કરવાને આગળ પગલું ભરી શકે, તેવી સ્થીતીમાં પણ તેને રહેવા દેતા નથી; આ શું ઓછી ખેદ કારક બીના છે? જેમકેઃ—

"મ્હોટાં જે કરે તે છાજે, છતાં ઢોલ નગારાં વાગે;"
"નાનાં જે કરે તે જાય, ઉપર ગડદા પાટુ ખાય."
મ્હોટાંને કહેવાય નહી, નાનાંને કહેવાય;
સાસુના સો વાંક પણ વહુનોજ વાંક ગણાય.

# મ્હારૂં હૃદય.

( લેખક. બ્હેન ચંચલ ત્રિભુવન )

સદ્‌ગુણ સંપન્ન ધર્મનિષ્ઠ મ્હારી પ્રિય સખી શાન્તા બ્હેન! આજે પ્રભાતમાં આપનો માયાભર્યો પત્ર મળ્યો. વાંચી અપાર આનંદ થયો છે. બ્હેન! હું આનંદમાં છું. આપની પ્રત્યેક પળ આનંદમાં વ્યતીત થાય એમ હું પ્રભુ પાસે પ્રાર્થના કરૂં છું. મ્હારા મોટા બ્હેન! જ્યારથી મ્હને આપનો વિયોગ થયો ત્યારથી મ્હારામાં જે ફેરફાર થયો છે તે આપને કેવી રીતે જણાવું? પ્રત્યક્ષ મળીને મ્હારૂં હૃદય આપની આગળ ઉઘાડું એમ થાય છે. પણ હાલમાં આપ તો દૂર છો. એ દિવસ કયારે આવશે કે આપણે ભેગા મળી ભવિષ્ય જીવનના સુખ માટે પ્રયત્નો શોધીશું અને આદરીશું, આપે લખ્યું કે–" તું ત્હારૂં જીવન હાલમાં કેવી રીતે વ્યતીત કરે છે તે સંકોચ રાખ્યા વગર લખ" એો મ્હારી માયાળુ બ્હેન! આપના પત્રના ઉત્તરમાં હું આજે મ્હારૂં હૃદય ઉઘાડું છું. હું નિશ્ચયથી માનું છું કે તે જોઇ આપને બહુજ આનંદ થશે. બ્હેન! દોઢ વરસ થવા આવ્યું છે. જે મ્હારૂં જીવન તમોએ જોયું હતું તે જીવન ખરેખરે જીવવા યોગ્ય હતું કે નહીં તે સંદેહ છે, પણ હાલમાં તો મ્હારૂં જીવન જીવવા યોગ્ય બન્યું છે એ આપ નક્કી માનજો. હું અંધકારમાંથી પ્રકાશમાં આવી છું. હું મ્હારા દોષોને સારી રીતે જોઇ શકું છું. પારકા દોષોને જોવાનું ભૂલી છું. બ્હેન! આપની આગળ હવે હું જરાપણ છાનું રાખીશ નહીં. ખરેખર હું રાત અને દિવસ ચિંતામાંજ ઝુર્યા કરતી હતી તેથી મ્હારૂં શરીર કૃશ થઇ ગયું હતું જેમ કોઇ ભયંકર માંદગીમાં સપડાએલો માણુસ હોય તેવી મ્હારા શરીરની દશા હતી. ઘણી ઘણી વખત કંટાળો આવતો અને આત્મઘાત કરીને મરી જવા માટે તૈયાર થતી, આમ

ને આમ મહીનાના મહીના પસાર થતા ગયા પણ મ્હારા શુભ કર્મના સંયોગે આપના વડીલ બંધુનો સત્સંગ થયો અને તેમનાથી જે બોધ મને મળ્યો કે મ્હારી આંખો ઉઘડી,

આ અમુલ્ય જીવન આમ નષ્ટ કરવા માટે નથી, આત્મઘાત એ ભયંકર પાપ છે. શુભ યા અશુભ કર્મ ભોગવ્યા વગર છુટકો નથી. ભવિષ્ય જીવન સુધારી લેવા માટે ઉત્તમ તક છે. પ્રભુમય બનવું હોય તો હાલમાં કાંઈ બગડયું નથી. ભુલ્યા ત્યાંથી ફરી ગણવું. ચિંતાને છોડી દ્યો, ચિંતામાં ઝુર્યા કરવું એ આત્મહિંસા છે એજ મોટામાં મોટું પાપ છે. જેવું વાવ્યું હતું તેવું પ્રાપ્ત થયું છે. જેવું વાવીશું તેવું ભવિષ્યમાં લણીશું. પ્રભુ પદ પામવા માટે સેવાનો માર્ગ સ્વીકારો. સેવા તનથી મનથી અને ધનથી થાય છે. ધન નથી તો ફિકર નહીં, તનથી અને મનથી સેવા કરનારા પણ પ્રભુને જલ્દીથી પામી શકે છે.

બ્હેન ! આ બોધથી મ્હારામાં અપાર શકિત પ્રાપ્ત થઇ; ચિંતા નાશ પામી. તેજ ક્ષણે મ્હેં પ્રતિજ્ઞા લીધી કે આજથી હું પ્રતિજ્ઞા લઉં છું કે હું હવે કોઇ દિવસે આત્મઘાત કરવું તો શું પણ આત્મઘાત કરવાનો સંકલ્પ પણ મનમાં નહીં લાવું. અને મ્હારા જેવી અનેક દુઃખી બ્હેનો જે આવો આત્મઘાતનો વિચાર કરતી હશે તેમને પણ પ્રભુનાં વચનો સંભળાવી તે વિચારથી હઠાવીશ, બ્હેન ! હું તો ઘેરથી એકદમ નીકળી આશ્રમમાં આવી.

અત્રેના બન્ને આશ્રમ જોઇ સ્વર્ગમાં આવ્યા જેટલો મ્હને આનંદ થયો. મ્હોટો આશ્રમ ( વનિતા વિશ્રામ ) અથલા લાઇન્સમાં છે. તેની વ્યવસ્થા બહુજ સારી છે એ આશ્રમની શાખા મુંબઇમાં છે. એ બન્ને આશ્રમોની વ્યવસ્થા આદ્ય સંપાદિકા ગં. સ્વરૂપ ન્હાની બ્હેન ગજ્જર તથા ગં. સ્વરૂપ બાજી ગૌરી બ્હેન જાતે કરે છે. આપ આ બન્ને સંસ્થાઓનો દરવર્ષે બાહાર પડતો રિપોર્ટ વાંચતાંજ હશો. એવી ઉત્તમ સંસ્થાઓને જન્મ આપનાર બન્ને બ્હેનોને વારંવાર ધન્યવાદ ઘટે છે. આ બન્ને બ્હેનોની સાથે મ્હારા સ્નેહી માયાળુ બ્હેન વ્હાલીબેને પણ આ આશ્રમો માટે પોતાનું જીવન સ્વાર્પણ કર્યું છે. આવા આશ્રમો દરેક શહેરોમાં કે પ્રાન્તોમાં ઉઘડવાની જરૂર છે, કાઠીયાવાડમાં તો ખાસ જરૂર છે.

બ્હેન ! હું તો જૈન વનિતાવિશ્રામમાં રહી અને “ મહિલા વિદ્યાલય ” માં અભ્યાસ માટે જવા લાગી. મ્હારા જીવનની નવી શરૂઆત થઇ. આ આશ્રમના વ્યવસ્થાપિકા બ્હેન ગં. સ્વરૂપ રૂક્ષ્મણિ બ્હેન. રાવસાહેબ હીરાચંદ મોતીચંદના ધણિયાણી છે. તેઓએ આપણી બ્હેનોના માટે આ ત્રિમાસિક કાઢવા માંડયું છે જેનો પ્રથમ અંક આપને મળ્યો ને આપે જે ઉત્તમ અભિપ્રાય આપીને માસિકના માટે લાગણી દર્શાવી છે અને જે મદદ મોકલી છે તે માટે હું આપનો કયા શબ્દો વડે ઉપકાર માનું ?

ઓ મ્હારા મ્હોટા બ્હેન ! મ્હારા જીવનમાં આ એક વરસની અંદર ઘણો ફેરફાર થયો છે. મ્હારૂં વાંચન વધતું જાય છે. વિવેક, વૈરાગ્ય, સદાચાર અને પ્રેમ એ ચાર વસ્તુઓને મ્હેં મ્હારી આગળ મુકી મ્હારા જીવનમાં ઉતારવા પ્રયત્ન કરવા માંડયો છે. બ્હેન ! ચિંતા કરી કરીને જો મ્હારા શરીરને આમ જર્જરિત ન કર્યું હોત તો આજે હું પ્રભુના માર્ગમાં આગળ વધેલી હોત. તનથી નિરોગી રહેવું, એ આપણા હાથની વાત છે એ મ્હને હમણાજ સમજાયું છે. હું હવે પ્રથમ તનથી નિરોગી રહી મનથી જ્ઞાની બનવાનો પ્રયત્ન મ્હેં આદર્યો છે. હૃદયથી પ્રેમી અને અંતર આત્માથી સત્યવતી થવા માટે શરૂઆત કરી છે.

કેટલેક અંશે તેમાં ફાવી છું. મ્હને સંપૂર્ણ ખાત્રી છે કે હું આ શેષ જીવનમાંજ મ્હારૂં ભવિષ્ય સુધારી લઇશ. દુર્ગુણોને કાઢી નાખવા માટે મ્હારામાં હિમ્મત આવતી જાય છે.

બ્હેન ! મ્હેં જે પ્રતિજ્ઞાઓ લીધી છે તે આપને લખી જણાવું છું. આ પ્રતિજ્ઞાઓને હું મ્હારા જીવન સૂત્રરૂપે ગણું છું. પ્રભુની કૃપાથી હું મ્હારી જીન્દગીમાં એ પ્રતિજ્ઞાઓથી ચલાયમાન નહીં થાવું એમ મ્હારો અંતર આત્મા કબૂલે છે. આ પ્રતિજ્ઞાઓ અવિચલપણે પાલવાની શકિત પ્રભુ કૃપા મ્હને આપો. આપ મોટા બ્હેનનો પણ એજ આશીર્વાદ ચાહું છું.—

## મ્હારી પ્રતિજ્ઞા.

( ૧ ) આજથી હું મ્હારા આત્માને સદ્ગતિના માર્ગમાં દોરીશ.

( ૨ ) મન, વચન અને કાયાથી હું પ્રતિજ્ઞા લઉં છું કે કોઇનું અહિત ચિંતવન કરીશ નહીં; કોઇના આત્માને મ્હારાથી દુઃખ થાય તેમ નહીં કરવા કાળજી રાખીશ.

( ૩ ) સાંસારિક વિટંબનાઓથી કંટાલેલો મ્હારો આત્મા ઘણો વખત આત્મઘાત કરવાને ઇચ્છતો પણ આજથી હું પ્રતિજ્ઞા લઉં છું કે ગમે તેવા સંકટમાં પણ આત્મઘાત કરવાની ઇચ્છા મનમાં પણ નહીં લાવું.

( ૪ ) હું મ્હારા સ્વધર્મથી બહુજ વેગળી હતી પણ હવે હું મ્હારો ધર્મ–વિવેક, વૈરાગ્ય, સદાચાર, પ્રેમને માની તે પ્રમાણે ચાલવા પ્રયત્ન કરીશ.

( ૫ ) મ્હારા પ્રાણપતિ સિવાય આખા વિશ્વવાસિયોને મ્હારા બંધુ તરીકે સમજું છું. હવે એ સુત્ર મ્હારી બ્હેનોને સમજાવી આપીશ.

( ૬ ) સવારમાં ઓછામાં ઓછી પંદર ( ૧૫ ) મિનિટ પ્રભુનું ધ્યાન ધરીશ. અને પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમ ભાવ રાખી સર્વને માટે સુખની પ્રાર્થના કરીશ.

( ૭ ) કલેશ કંકાશોથી અલગી રહીશ.

( ૮ ) હિંસાના સ્વરૂપને સમજી અહિંસા ધર્મ પાલન કરીશ.

( ૯ ) સત્યવ્રતના સ્વરૂપને સમજી સત્ય બોલીશ.

( ૧૦ ) વરસની સમાપ્તિએ અર્થાત્ બેસતા વરસને દહાડે મ્હારાથી આખા વરસમાં થએલી ભૂલોની તપાસ કરી પ્રભુ સાક્ષીએ પ્રાયશ્ચિત લઇશ અને મ્હારાથી જે જે શુભ કાર્યો થયાં હોય તેને માટે પ્રભુનો ઉપકાર માનીશ.

બ્હેન ! આ ઉપર લખ્યા પ્રમાણેની પ્રતિજ્ઞાઓ લીધી છે. આપ મ્હને હવે જે કાંઇ સૂચના કરવા ધારતા હો તે જરૂર કરજો.

બ્હેન ! હું જ્ઞાન બલ પ્રાપ્ત કરવા માટે જેટલું બને છે તેટલું મથું છું. આશ્રમને અંગે બહાર જવાનું થાય છે માટે પત્ર મોડું વ્હેલું લખાય તો ક્ષમા કરજો. બ્હેન ! મ્હારૂં મગજ નથી ચાલતું. મગજ શકિત બહુજ ઓછી છે. ક્રમવાર અભ્યાસ કરવામાં હું બહુજ પછાત પડી છું. પણ હવે તો કાંઇક આશ્રમની જાતથી ( તનથી મનથી ) સેવા કરી આત્મિક જ્ઞાન થાય એમ ઇચ્છું છું.

લી. આપને હરઘડી યાદ કરનાર,

આપની ન્હાની બ્હેન ચંચળ.

# માતાની મહત્તા.

( લેખક. મુનિશ્રી રત્નવિજયજી મુ. દમણ. )

જૈનશાસ્ત્રોમાં અનેક સ્થળે માતાઓને રત્નકુક્ષી કહેલી છે. કારણ કે તેઓ પુરૂષ રત્ન તેમજ સ્ત્રીરત્નને જન્મ આપનારી છે. તેમને કોઇ સ્થળે રત્નગર્ભા પણ કહેવામાં આવેલી છે. રત્નગર્ભા આ વિશેષણ પૃથ્વીને તેમજ સ્ત્રીમાતાને લાગુ પડે છે. દુનિયામાં બેજ તત્ત્વ ઉત્તમોત્તમ છે; એક મહીતત્ત્વ અને બીજું મહિલાતત્ત્વ. જગતના બીજા ઉત્તમ તત્ત્વો જેવા કે કેસરિસિંહ, કામધેનુ, ગજરત્ન, અશ્વરત્ન, ધુરંધર વૃષભરત્ન, બત્રીસ લક્ષણવંતો પુરૂષ, તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, પ્રતિવાસુદેવ, કામદેવ, દેવાધિદેવ, ધર્મદેવ, નરદેવ, વિક્રમદેવ, ભોજદેવ, ભૂદેવ, ગુરૂદેવ, બુદ્ધદેવ, શંકરદેવ, ઇશુદેવ, મહમુદદેવ, જરથોસ્તદેવ, ઇત્યાદિ અપાર દેવોને જન્મ આપનારી માતાઓ જગતને વંદનીય છે. કાળ ચક્ર બધા પદાર્થોમાં ફેરફાર કરી નાખે છે, પણ સ્ત્રીતત્ત્વમાં કદી પણ ફેરફાર થયો નથી. ત્રણે લોકમાં અબાધ્ય અને ત્રણે લોકમાં પૂજ્ય પદાર્થ આ સ્ત્રીતત્ત્વ છે. સત્પુરૂષ કરતાં સતી સ્ત્રીની કિંમત વધારેજ હોય છે. અખંડ પ્રભાવતી સુશીલા સાધ્વી સ્ત્રીનું માહાત્મ્ય દેવો પણ આંકી શકે નહિ. સાધ્વી સ્ત્રીની પૂજા દરેક પ્રજામાં પારાવાર ચાલે છે. જ્યાં ધર્મનાં મ્હોટાં કામ કરવાનાં હોય છે જેવાં કે તીર્થયાત્રા, રણયાત્રા, દિગ્વિજય યાત્રા, પ્રતિમાઓની અંજનશલાકા, પ્રાણપ્રતિષ્ઠા, શાંતિસ્નાત્ર, અષ્ટોત્તરી સ્નાત્ર, નવગૃહપૂજા, ચતુર્વિધ સંઘ સ્થાપના, રાજ્યાભિષેક, વિવાહ, ખાતમુહૂરત, વાસ્તુપૂજા, ઇત્યાદિ શુભ કામો જ્યાં કરવાનાં હોય છે ત્યાં સ્ત્રીની આવશ્યક્તા હોય છે. છેક જંગલી પ્રજામાં પણ સ્ત્રીપૂજા, માતૃપૂજા આદિ રિવાજો ચાલુ છે. એ રીવાજોમાં મોટી વિકૃતિ થઈ ગઈ છે. છતાં તે પાછળ રહેલું તત્ત્વ તો કાયમ છે. કાળચક્રમાં ઘણી બાબતોમાં ફેરફાર થયા છે, છતાં રત્નગર્ભા સતી સાધ્વી સ્ત્રી પોતાનો અખંડ પ્રતાપ જાળવી રહી છે, નિષ્કલંક જીવનયાત્રા કરી રહી છે, તેથીજ સવારનાં પહોરમાં લાખો કરોડો મનુષ્યો સતીઓનાં પવિત્ર નામો ઉચ્ચારી પોતાને પવિત્ર માને છે, શિર ઝુકાવી કૃતાર્થ થાય છે અને પોતાની ભાવિ પ્રજાને એ શુભ કાર્યમાં સામીલ કરે છે. પવિત્ર જનનીની મહત્તા કોણ ગાઇ શકે કે કઇ કલમ તે લખી શકે? સતી માતાઓના સુપુત્રોએજ દુનિયાને ઉજ્વલ મુખવાળી બનાવી છે. સતી સ્ત્રીની છાયા પડવાથી રોગ, શોક કે ભૂત પિશાચ નાશી જાય છે. સર્પ અને વીંછીનાં ઝેર ઉતરી જાય છે. ચોરી કરવા આવેલા ચોર લોક ત્યાંને ત્યાં અટકી જાય છે, અને ખુની મનુષ્યો પણ થાંભલાની માફક સ્થંભી જાય છે. માતાઓનો મહિમા અઢાર પુરાણોથી પણ અધિક છે.

શ્રાવિકા એ ચારે તીર્થની જન્મભૂમિ-જન્મદાતા છે. સકળ સંઘની માતા! તારી બલીહારી છે. તું હવે સાવધાન થઈ છે, પત્રોમાં તારી કીર્તિ ગાજવા લાગી છે. અમને મોટી આશા છે કે હવે જૈનસંસાર સુખી થશે. એક વાત બરાબર ચોક્કસ થતી જાય છે કે સ્ત્રી કેળવણીની જરૂર છે અને જ્યાં સુધી માતાઓ ભણી સુસંસ્કારવાળી ન બને ત્યાં સુધી નિર્બળતા અને માવડીયાપણું કદી મટવાનું નથી. જન્મતાંવાર કોઇ જ્ઞાની થઇ જતા નથી. જ્ઞાની થવા માટે અનુકૂળતા મળવી જોઇએ. એવી અનુકૂળતા ઠેકાણે ઠેકાણે થતી જાય છે

કેળવાયેલી બ્હેનોએ પોતાની અજ્ઞાન બ્હેનોનું હિત સાધવા ભોગ આપવા તૈયાર થવું જોઇએ. પોતાનું જીવન બીજાને ધડારૂપ બનાવવું એજ લોકોને નીતિનો માર્ગ શીખવવાનું ઉત્તમ સાધન છે. શાસન દેવતાઓ સદ્‌બુદ્ધિ આપે અને જૈનવનિતાવિશ્રામ જેવી સંસ્થાઓ સ્થાપન થાય જેથી નિઃસ્વાર્થ જૈનજાતિ પ્રકટ થાય અને ફરીથી એક વખત પ્રાચીનકાળની સ્થિતિનું આપણને દર્શન થાય એજ પ્રાર્થના.

# શ્રી ઉપયોગી ફરતું પુસ્તકાલય.*

**સુજ્ઞ ભગિનીઓ !**

આપણે એક ઓરડામાં પ્રવેશ કરીએ છીએ. હવે જો તે ઓરડામાં અંધારૂં હોય તો આપણે રસ્તામાં પડેલી ખુરશી સાથે અથડાઇએ છીએ, અથવા થાંભલા સાથે આપણું માથું કુટાય છે, અથવા તો માર્ગમાં પડેલો દુધનો લોટો આપણે પગની ઠેસથી ઢોળી નાંખીએ છીએ અને એવી બીજી સો અડચણો આપણા માર્ગમાં ઉભી થાય છે. આનુ કારણ શું ? કારણ બીજું કાંઈ નહિં પણ અંધકાર. તે અંધકારને દૂર કરવાનો એકજ માર્ગ છે, અને તે પ્રકાશ છે. દીવો ઘરમાં પ્રગટાવો, પછી તમે નિર્ભય રીતે બધા ઘરમાં ફરી શકશો, તમે કોઇ પણ વસ્તુની સાથે અથડાશો નહિ અને તમારૂં સર્વ કામ સુગમ થશે. આ સંસારની પણ એવીજ સ્થિતિ છે. જ્ઞાન વગર આપણે જ્યાં ત્યાં અથડાઇએ છીએ, આપણા માર્ગમાં અનેક અડચણો આવે છે, તે શી રીતે દૂર કરવી, તે આપણે જાણતા નથી. આપણે જાતે દુઃખ વેઠીએ છીએ અને બીજાને દુઃખના કારણભૂત બનીએ છીએ. તો અહીં પણ અજ્ઞાન રૂપ અંધકારને દૂર કરવા જ્ઞાનરૂપી દીપકની જરૂર છે. જ્યાં પ્રકાશ નથી ત્યાં અંધકાર રહે છે, તેમ જ્યાં જ્ઞાન નથી, ત્યાં માનસિક અંધકાર ઘર કરી રહે છે, અને તેની સાથે ઘણા અનર્થો જન્મ પામે છે, માટે જ્ઞાન પ્રાપ્ત કરવાની આવશ્યકતા છે,

જ્ઞાન સૂર્ય કરતાં પણ અધિક છે. સૂર્ય આપણને દિવસના સમયમાં પ્રકાશ આપે છે, ત્યારે જ્ઞાન સર્વ સમયે-રાત્રે તેમજ દિવસે આપણાં જ્ઞાનચક્ષુ ખોલી આપણને વસ્તુ માત્રનું ભાન કરાવે છે. વીજળી અને વરાળના જ્ઞાનથી જગતમાં કેવા કેવા ચમત્કારો બની રહ્યા છે તે જુઓ અને પછી જ્ઞાનનો પ્રભાવ આપો આપ સમજાઇ જશે. જ્ઞાન એ ઉત્તમ આભૂષણ છે તે કોઇ પણ પ્રકારના આભૂષણ કરતાં વધારે ચળકે છે. તેને ચોર ચોરી જતા નથી, ભાઈઓ તેમાં ભાગ માગતા નથી, અને કોઇને પણ આપવાથી તે વધ્યાં કરે છે, એ રીતે વિચારતાં સ્થૂલ ધન જ્ઞાન આગળ કાંઇ હિસાબમાં નથી. સર્વ દાનમાં જ્ઞાનદાન ઉત્તમ કહ્યું છે, કારણ કેઃ-

**अन्नदानं परंदानं विद्यादानमतः परम् ।**
**अन्नेन क्षणिका तृप्ति र्यावज्जीवं तु विद्यया ॥**

---

* અમદાવાદની શ્રી જૈન વીશા ઓસવાલ ક્લબ તરફથી ફરતું પુસ્તકાલય ખુલ્લું કરવાની ક્રિયા થઇ, તે પ્રસંગે બ્હેન સુભદ્રા ચીમનલાલ દોશીએ વાંચેલું ભાષણ.

અન્નનું દાન એ પણ ઉત્તમ દાન છે, પણ વિદ્યાદાન એ તેથી પણ વધારે ઉત્તમ છે, કારણ કે અન્નથી ક્ષણિક તૃપ્તિ થાય છે, ત્યારે વિદ્યાથી જીવનપર્યંત સંતોષ થાય છે.

જ્ઞાન એ એક સારા મિત્રનું કામ કરે છે. જ્ઞાનની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી ગણાય.

જ્ઞાન રૂપી સન્મિત્ર પાપકર્મથી દૂર રાખે છે, હિતકારી કાર્ય કરવામાં યોજે છે, ગુહ્ય-વાત ગુપ્ત રાખે છે, ગુણોને પ્રકટ કરે છે,દુઃખ વખતે આપણો ત્યાગ કરતો નથી, અને યોગ્ય સમયે મદદ આપે છે. આ બધાં કામ જ્ઞાન રૂપી સન્મિત્ર કરી શકે છે. જ્ઞાન આપણને આ ભવમાંજ ઉપયોગી થાય છે, એમ નથી, પણ જ્ઞાનવડે ધર્મના સિદ્ધાન્તો આપણે બરાબર સમજી શકીએ છીએ, અને તેથી મનુષ્ય પોતાના દોષ ક્યાં છે, પોતાની ભૂલ ક્યાં છે તે સમજે છે, અને તે ભૂલથી કેવી રીતે મુક્ત થવું તે પણ જાણે છે. વળી રાગ દ્વેષથી કરેલાં કર્મોનો નાશ કરવાને અને ઉંચામાં ઉંચી મોક્ષદશા મેળવવાને પણ જ્ઞાનજ ઉત્તમ કારણ છે.

હવે આવું જ્ઞાન મેળવવાનાં અનેક સાધનો છે. તેમાં પુસ્તકો, સત્સમાગમ, ગુરૂ, દેશાટન વગેરે મુખ્ય છે. આપણે અહીં તે બધી બાબતોનો વિચાર નહિ કરતાં ફક્ત પુસ્તકોનોજ વિચાર કરીશું.

પુસ્તકો ! એ મહાન્ પુરૂષોના સ્થાયીરૂપ પામેલા વિચારો છે. કાળક્રમમાં સર્વ વિનાશ પામે છે, તેમ મોટા મોટા ગ્રન્થકારો મરણને શરણ થઇ ગયા, પણ તેમણે આપેલો ઉપદેશ તથા જ્ઞાન તેમના રચેલા ગ્રન્થોમાં સમાયેલા છે. ' ગ્રન્થ એ મોટામાં મોટા શિક્ષકો છે. તેઓ સોટી અથવા ચાબકો માર્યા સિવાય ક્રોધ અથવા સખ્ત શબ્દોનો ઉપયોગ કર્યા સિવાય, પૈસા કે વસ્ત્ર બદલા તરીકે લીધા સિવાય આપણને નિરંતર ઉપદેશ આપે છે. જો તમે તેમની પાસે જાઓ, તો બીજા શિક્ષકોની માફક તેઓ કદાપિ ઉંઘતા હોતા નથી. જો તમે શોધક દૃષ્ટિથી તેમને પૂછો તો તમારાથી તેઓ કાંઇપણ છાનું રાખશે નહિ. જો તમે ભૂલ કરો તો તેઓ કદાપિ ચીડાશે નહિ. જો તમે તદ્દન જ્ઞાનરહિત હશો તો પણ તે તમને હસી કાઢશે નહિ." પુસ્તકો રૂપી મિત્રો આપણને કદાપિ કંટાળો આપતા નથી. આપણી ઇચ્છા કરતાં વધારે વાર તેઓ આપણે ત્યાં બેસતા નથી. આખી કોમનું જીવન એક સમર્થ લેખક કે વિચારકના વિચારથી ઘડાય છે.સિસેરો નામનો ઇટાલીનો વિદ્વાન્ જણાવે છે કે"પુસ્તક વગરનો ઓરડો તે આત્મા વગરના શરીર જેવો છે"વળી એક બીજો વિદ્વાન્ જણાવે છે કે"દેશને સારૂ મરનાર શૂરવીરોનાં લોહી કરતાં વિદ્વાનોએ પુસ્તકો લખવામાં વાપરેલી રૂશનાઇ વધારે કીમતી છે."પુસ્તકોની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી,તોપણ એક વિદ્વાન્ મહાશયના વિચાર જણાવવાની ઇચ્છા દાબી શકાતી નથી." તે લખે છે કેઃ-" પુસ્તકો જુવાનને કપાળની કરચોળીઓ અથવા ધોળા વાળ લાવ્યા સિવાય અનુભવ વૃદ્ધ બનાવે છે. વૃદ્ધાવસ્થાની અશક્તિ અથવા અગવડ સિવાય મનુષ્યને વૃદ્ધે મેળવેલો અનુભવ આપે છે." ટુંકામાં કહીએ તો સારા ગ્રન્થોનું પુસ્તકાલય સર્વ પ્રકારની ધન સંપત્તિ કરતાં વધારે કિંમતી છે અને જગતનો કોઇપણ પદાર્થ સરખામણીમાં તેની સાથે ટકી શકે તેમ નથી. તે માટે કોઇપણ વ્યક્તિ, જે સત્યની, સુખની, જ્ઞાનની, શાસ્ત્રની અને છેવટે ધર્મની ભક્ત હોવાનુંગુમાન ધરાવે છે, તેણે પુસ્તકોના ભક્ત થવું, એ આવશ્યક છે.

અસલ એવો સમય હતો તે પુસ્તક મળવાં મુશ્કેલ થઇ પડતાં; હાલમાં છાપખાનાની શોધને લીધે પુસ્તકો સસ્તાં અને જથાબંધ બહાર પડે છે, તે છતાં જેઓ તેનો લાભ ન લે, તેમને વિષે શું કહેવું ? ચાણક્ય નીતિમાં કહેલું છે કે:—

वलीपलितकायेऽपि कर्तव्यः श्रुतसंग्रहः ।
न तत्र धनिनो यान्ति यत्र यान्ति बहुश्रुताः ॥
श्रुत्वा धर्मं विजानाति, श्रुत्वा त्यजति दुर्मतिम् ।
श्रुत्वा ज्ञानमवाप्नोति श्रुत्वा मोक्षं च गच्छति ॥
पदं पदार्धं पादं वा आहरेच्च सुभाषितम् ।
मूर्खोऽपि प्राज्ञतां याति नदीभिः सागरो यथा ॥

ચામડીમાં કરચોલી પડી હોય, અથવા વાળ ધોળા થયા હોય, તો પણ જ્ઞાનનો સંગ્રહ કરવો. જ્યાં જ્ઞાની જાય છે, ત્યાં ધનવાનને સારૂ ગતિ નથી. શ્રવણ કરવાથી, વાંચવાથીજ ધર્મ જણાય છે, ખરાબ બુદ્ધિનો ત્યાગ થાય છે, જ્ઞાન પમાય છે અને મોક્ષ પણ મળી શકે છે. સારા વચનનું ( સુભાષિતનું ) એક પદ, અર્ધું પદ, અથવા પદનો ચોથો ભાગ પણ ગ્રહણ કરવામાં આવે તો જેમ સમુદ્ર નદીઓને લીધે વિશાળ બને છે, તેમ મૂર્ખ પણ જ્ઞાની બને છે. માટે ઉત્તમ પુસ્તકો પસંદ કરીને તે વાંચવા જોઇએ. વળી પુસ્તકમાંથી જે જે ઉપયોગી સૂચનાઓ લાગે તે એક નોંધ પોથીમાં ઉતારી લેવી જોઇએ, અને તે પુસ્તકમાંના ઉત્તમ વિચારો બની શકે તેટલા પોતાના દરરોજના જીવનવ્યવહારમાં ઉતારવા જોઇએ. આવી રીતે પુસ્તકો ઉપર ટપકેથી વાંચી નહિ જતાં દરેક પુસ્તકને વિચાર પૂર્વક વાંચવું, તેમાં આપેલી સૂચનાઓ પર વિચાર કરવો અને તેમાંથી યોગ્ય સાર ગ્રહણ કરવો.

ઉપર પ્રમાણે આપણે પુસ્તકોના વાંચનથી મળતા લાભનો વિચાર કર્યો. હવે આ વીશાઓસવાળ જૈન કલબનું એક પુસ્તકાલય છે, તેનો લાભ તેના સભાસદો લે છે, અને જો કલબનો કોઇ સભાસદ જોખમદારી માથે લેતો ઓસવાળની નાતના કોઈ પણ ગૃહસ્થને પુસ્તક વાંચવા સારૂ આપવામાં આવે છે. પુરૂષો તો વર્તમાનપત્રો વાંચીને, બીજા પુરૂષોના સંબંધમાં આવીને, જાહેર વ્યાખ્યાનોનું શ્રવણ કરીને, અને બીજી અનેક રીતે પોતાના જ્ઞાનને વધારે છે, પણ આપણી બ્હેનો, માતાઓ અને દીકરીઓને આવા પુસ્તકાલયનો લાભ મળે તો તેમના જ્ઞાનમાં ઘણો વધારો થાય, અને તેમના વિચારો સંકુચિત મટી વિશાળ થાય, તેઓ બહારનું જગત્ કેવું છે, તે સંબંધી કાંઇક ખ્યાલ બાંધી શકે પોતાની ફરજો બરાબર કેમ બજાવવી તે જાણી શકે, અને પોતાનું જીવન ઉચ્ચ પ્રકારનું નીતિમય અને સમાજને લાભકારી બનાવી શકે. આપણી ઘણી બ્હેનોને વાંચવાની રૂચિ હોય છે, પણ લગ્ન પછી તે રૂચિને ખીલવવાનાં સાધનો નહિ મળવાથી તે મંદ પડી જાય છે અને છેવટે અસ્ત થઇ જાય છે. તો આવા પુસ્તકાલયથી તે રૂચિ જાગ્રત્ થશે, નવરાશના સમયનો સદુપયોગ થશે, અને જે જ્ઞાન આ રીતે મળશે તેથી તેમનું પોતાનું અને

તેમના બાળકોનું શ્રેય થશે. એટલુંજ નહિ પણ કોમનું ભાવી ગૌરવ વધારવામાં કે કેળવાયેલી માતાઓનાં સંતાનો ઘણો સારો ભાગ ભજવશે.

બીજ વાવ્યા પછી સમજુ વર્ગ તરતજ ફળની આશા રાખતો નથી તેમ આ પુસ્તકાલયના લાભો તરતમાં ન જણાય એ સ્વાભાવીક છે. પરંતુ જેમ જેમ વાંચનબળ વધતું જશે તેમ તેમ ભાવિપ્રજાનું ભવિષ્ય વધારે સંસ્કારી અને સંગીતપણે ઘડાતું જશે આવો ઉચ્ચ ઉદ્દેશ ધ્યાનમાં રાખી 'સ્ત્રી ઉપયોગી ફરતા પુસ્તકાલય'ની યોજના કરવામાં આવી છે. તેમાં સ્ત્રી ઉપયોગી, નીતિમય પુસ્તકો પસંદ કરવામાં આવ્યાં છે. તેમાં સ્ત્રીઓનું આરોગ્ય, બાળ કેળવણી, માંદાની માવજત, સ્ત્રી કેળવણી, ગૃહશિક્ષણ, ગૃહિણીધર્મ, નારીધર્મ એ બધાં વિષયોને લગતાં પુસ્તકોની ખાસ પસંદગી કરવામાં આવી છે. વળી તે સાથે ઉત્તમ સ્ત્રીપુરૂષોનાં ચરિત્રો—જેમાં વર્ણવામાં આવ્યાં હોય, તેવાં પુસ્તકો પણ મળી શક્યાં તેટલાં એકઠાં કરવામાં આવ્યાં છે. હજુ ઉત્તમ પુસ્તકોની પસંદગી કરવાનું કામ ચાલુ છે, અને કોઇપણ બંધુ અથવા બ્હેન તરફથી જે જે ઉપયોગી પુસ્તકોનાં નામ સૂચવવામાં આવશે, તેમાંથી ફંડની શકિતના પ્રમાણમાં પુસ્તકો ખરીદવામાં આવશે.

હાલ તુરત અજમાયશ માટે નીચે પ્રમાણે ધોરણ નક્કી કરવામાં આવેલું છે પછી. જેમ સમય જતાં યોગ્ય લાગશે તેમ ફેરફાર કરવામાં આવશે.

૧ ક્લબનો એક માણસ પુસ્તકોની એક પેટી લઈ દરેકને ઘેર ફરશે, અને જે બ્હેનને પુસ્તક વાંચવાની ઇચ્છા હશે તેને તે પુસ્તક આપશે.

૨ અઠવાડીએ અગર પંદર દિવસે તે પુસ્તક પાછું લેવામાં આવશે, અને નવીન પુસ્તકની માગણી થતાં તે આપશે.

૩ તેની પાસે એક નોંધબુક રાખવામાં આવશે, તેમાં લેનાર બ્હેને સહી કરી આપવી.

૪ પુસ્તક પાછું આપતી વખતે તે જમે કરાવવું.

૫ પુસ્તકને સ્વચ્છ રાખવું અને કાળજીપૂર્વક સાચવવું.

ઉપર મુજબના આશયોને ધ્યાનમાં રાખીને આ પુસ્તકાલયને ખુલ્લું મુકવાની યોજનાને હાથ ધરવામાં આવી છે. આપ બહેનો આપનાજ ઉપયોગના આ ખાતા તરફ આપનો ઉદાર હાથ લંબાવશો એજ વિનંતી. અસ્તુ.

# "ફોઈબા !!"

### એક સંપૂર્ણ ટુંકી વાર્તા.

સુરતમાં, પુનમચંદ શેઠનો ડીકો બહુ લાડમાં ઉછર્યો હતો! ઘરમાં સ્થીતિ સાધારણ હતી. તોપણ શેઠે ડીકાને ભણાવવા એક માસ્તર રાખ્યો હતો. નિશાળો પણ વખતો વખત બદલાવતા પણ આજે બાર તેર વર્ષનો થયા છતાં ડીકો હજુ ગુજરાતી બીજા ધોરણમાં આથડતો હતો! ડીકાના મનનું વલણ કયા ધંધા ઉપર છે તે તપાસવા માસ્તર વખતો વખત તેને ચિત્રકળા બતાવતા, સંગીત સંભળાવતા, ફોટોગ્રાફવાળાની દુકાને, શિલ્પીની

દુકાને, રસાયનીક લેબોરેટરીમાં વગેરે ફેરવતા પણ કીકાનું લક્ષ કયા ધંધા ઉપર વળશે તે કશું સમજાતું નહતું. પુનમચંદ શેઠની સ્ત્રી રસોડામાંથી ને ઘર કામથી પરવારતાં નહીં, અને સહજ ફુરસદ મળે તો કીકો શું કરે છે તે તરફ તેમનું લક્ષ નહતું. તે પોતે બારાખડી સુધી ભણ્યાં હતાં અને રસોડા અને ઘરના ધંધામાંથી દુનીયા શું કરે છે તે જાણવાનો તેમને વખત ન હતો. એક વખત પુનમચંદ શેઠે કહ્યું કે–કીકાને જો હવે પરણાવતા નથી અને ઠોઠ રહ્યો તો રહી જશે ત્યારે શેઠાણી ખુશી થયાં કે ઘરમાં વહુ આવશે અને કામકાજમાં મદદ કરશે! નાતમાં કન્યાની અછત ન હતી, તેમ કંઇ કન્યાઓ ઉભરાઇ જતી ન હતી પરંતુ પૈસાદારના છોકરાને માટે પાંચ પચીસ ઠેકાણેથી પૂછાતું, અને ગરીબનો છોકરો સારો હોય તો પણ વખતે રખડી પડતો.

કુદરતે એક દિવસ પુનમચંદ શેઠની સ્થિતિનું રૂપાન્તર બનાવી દીધું! એક રોજ કીકાએ તેના માસ્તરને પૂછ્યું કે–"લૉટરી" એ વળી શું હશે? તે પ્રત્યક્ષ પ્રમાણથી સમજાવવા માટે કીકાના માસ્તરે અટકચાળાના ચોઘડીયામાં શેઠાણી પાસેથી એક રૂપિઓ માગી લઇ એક લૉટરીમાં કીકાના નામથી તે ભરેલો, તેમાં મ્હોટી રકમનું ઇનામ બીજા કોઇને નહીં, પણ કીકાના નામવાળી ટીકીટ ઉપર જ લાગ્યું!!

પણ પછી શું થયું?! બેકદર દુનિયા! કીકાને માટે કન્યાનાં માગાં ઉપર માગાં આવવા માંડયાં. અને તેમાં સારા ઘરનાં અને સાધારણ સ્થીતિવાળાનાં માગાંમાંથી પસંદ કરવાનું કામ મુશ્કેલ થઇ પડયું! શેઠાણી તો પ્રભુના ઘરનું માણસ હતાં. આઠમાં નવ ઉમેરીયે તો કેટલા થાય તે તેમને ખબર ન હતું! અને પુનમચંદ એક શેઠને ત્યાં મુનીમની નોકરી કરતા અને ફાલતુ વખતમાં થોડુંક "શેર બીઝનેસ" કરતા! એટલે કીકાને પરણાવવા માટે કન્યા શોધવાનું કામ કપરૂં થઇ પડયું! પુનમચંદનાં બ્હેન તેમનાથી મ્હોટાં પચાસેક વર્ષનાં, પુખ્ત ઉમરનાં અને જાજરમાન બૈરૂં હતાં, અને ભરૂચમાં તેમને પરણાવ્યાં હતાં. તે જ્યારે જ્યારે આવતાં ત્યારે પુનચચંદ શેઠના ઘરમાં કંઈક હોહા થતું. જાગૃતિ આવતી. ઘરમાં નવું જીવન જોવામાં આવતું. પણ તેમને આપવાના દાગીનામાં શેઠાણી વચમાં પડવાથી તે રિસાઇ ગયાં હતાં. તે છ મહિનાથી આવતાં બંધ પડયાં હતાં! આજે એમની બહુ જરૂર પડી. કારણ કે એ પોતે કેટલીક છોકરીઓની માતા હતાં અને તે બધીને તેમણે નાતમાં ઠેકાણે પાડી હતી

શેઠની સ્થીતિ બદલાઇ ગઇ સાંભળી તે આજે પોતાનો દાગીનો પૂરેપૂરી રકમનો લેવા માટે આવ્યાં! લૉટરીની ટીકીટના પૈસા તો જો કે હજુ આવવાના હતા પરંતુ મામલો આશા ભર્યો હતો એટલે શેઠે આવકાર આપ્યો અને તેમનો દાગીનો પૂરો કરી આપવાનું કહ્યું. આ તકનો લાભ લઇ શેઠાણીએ કીકાને માટે આવેલાં માગાંનાં નામ કહી બતાવ્યાં.

"તમે કોઇ એમાં હવે વચમાં પડશો નહીં! તમારાથી આવું કામ નહીં બને. જેનું કામ તે જે કરે! સમજ્યા!" બ્હેને મ્હોટો અવાજ કહાડી કહ્યું.

"સમરથ બ્હેન!" પુનમચંદ શેઠે કહ્યું "હું તમારી વાટ જ જોતો હતો. આપણી નાતની સ્થીતિમાં અમે બેમાંથી એકે સમજતાં નથી.—"

સમરથ—પણ તમને હવે એમાં પૂછવાનું છે કોણ? તમે તમારે બેઉ ધણી ધણીઆણી એક કોરે બેસી રહોને! વખત થાય ત્યારે સજીને વરઘોડામાં સામેલ થજો, પછી કંઇ?

ગોકીબાઈ—બ્હેન ! મ્હારો અપરાધ થયો હોય તો—

સમરથ—જો ! જો, વળી, પાછું એ સંભાર્યું ? માફી માગવા તૈયાર થાઓ છો તો અપરાધ કરો છો જ શું કરવા ? હવે એ વાત બસ કરો ! હું કહું તેમ તજવીજ કરવા માંડો ! છોકરા પરણાવવા એ ન્હાનાં બચ્ચાંના ખેલ નથી ! આજે તો હું પાલીતાણા તરફ જાઉં છું. ત્યાંથી આવીને મ્હારા ભાઈએ બતાવ્યાં તે તમામ ઘરમાં આપણે માટે સારૂં કયું તે હું બતાવું છું, સમજ્યાં ? મ્હારે માટે નીચે ગાડી એકદમ મંગાવો, ટ્રેનનો વખત થવા આવ્યો છે.

હમેશાં બીજે વખતે તો સમરથ બ્હેન સ્ટેશન ઉપર ચાલીને જતાં પણ આજે તો ભાઈનો વખત બદલાઈ જઈ સારો થયો છે. અને પોતે કીકાના વેવીશાળનું બીડું ઝડપ્યું છે. ઘરમાં નોકર હતો નહીં એટલે જીંદગીમાં બીજી ત્રીજી વખત ગોકીબાઈ જાતે શેરીમાં જઈ ભાડાની ગાડી કરી લાવ્યાં. તહેવારનો દિવસ હોવાથી ગાડીવાળે રૂ. બે માગ્યા તે ઠરાવી સમરથ બ્હેનને આશાભરી ઉપકારની લાગણીઓ સાથે વિદાય કર્યાં.

ગાડીમાં બહુ ભીડ હતી. ડાકોરજીનો મેળો બહુચરાજીનો મેળો અને અજમેરનો ઓરસ એટલું સાથે આવેલું હોવાથી બચકાં પોટકાંની પેઠે હાથ પગવાળાં મનુષ્યો પૂરેલાં હતાં ! અને "દશ માણસ બેસે" ત્યાં પંદર વીશ બેસી ચૂકેલું તેવામાં સમરથ બ્હેન સુરતના સ્ટેશન ઉપર આવ્યાં. પણ એમનો એક સાસરા તરફનો દૂરનો સગો સ્ટેશન ઉપર કલાર્ક હતો એટલે તેમના પગમાં જોર હતું. બન્યું પણ એમજ ! એમને જોતાં જ તે દોડતો આવ્યો અને એક ખાનામાંથી ચકલાંના ટોળાની પેઠે ચીંચીં કરતાં માણસોને બોલતાં બંધ કરી અંદર સમરથ બાઈને તેમનાં પોટકાં સાથે બેસાડી દીધાં ને ગાડી ઉપડી.

સારા નસીબે આ ખાનામાં ઘણાં ખરાં બૈરાં હતાં; અને બૈરાંના ટોળામાં સમરથનું જોર બહુ ચાલતું. એમની સહજ પ્રભાવશાળી કદાવર આકૃતિએ બે માણસ જેટલી જગા તો રોકી, પણ તેમના દમામમાં, તે જગા થઈ શકી. "એ તમારા કંઈ સગા છે ?" ગાડી ઉપડતાં જ નજીકની એક સ્ત્રીએ પૂછ્યું.

"સગા, શું કરવાના હતા ? એને કન્યા કયાં હતી કન્યા, હું હોઉને એ છોકરો પરણે ! પછી આટલું એ ન કરે, આટલું ?" પરગામનાં પેસેન્જરો સન્મુખ સમરથે, પોટકામાંથી પાનનો ડાબડો કહાડતાં કહાડતાં નિર્ભય રીત્યે ચલાવ્યું. સમરથની સામે જ એક સ્ત્રી તેની બે છોકરીઓ સાથે બેઠી હતી. એ ત્રણેનાં કપડાં ઉપરથી જ તેમની સાધારણ સ્થીતિ જણાઈ આવતી હતી. રંગે ત્રણે–માતા અને બે પુત્રીઓ કાળાં હતાં, કુદરતે સહજ પાકો કાળો રંગ બનાવી મૂકયો હતો. તેમાં મ્હોટી છોકરી બાર તેર વર્ષની હતી તેને જે થોડીક વખત ઉપર શીતળા નીકળવાથી મ્હોંપર શીળીનાં ચાઠાં એટલાં બધાં થઈ ગયાં હતાં કે એક રેતીનો દાણો મૂકવા જેટલી જગો બાકી ન હતી ! આ લોકોએ સમરથને માટે સંકોચાઈને જગો કરી "કયાંથી આવો છો ?" સમરથે પૂછ્યું. "મુંબાઇથી" એ છોકરીઓની માએ જવાબ આપ્યો.

"મુંબાઈમાં ધંધો હશે !"

"ના, બ્હેન, આ મ્હોટી છોકરીને માતા નીકળ્યા, ત્યારથી એની એક આંખ જાણે જવા બેઠી છે ! તેની દવા કરાવવા ગઈ હતી ! કોઈ તમારા જેવાએ કહ્યું કે–મુંબઇમાં સારી

દવા થશે ને નસીબ હશે તો એનો અવતાર સુધરી જશે. આજકાલ કરતાં એને ચૌદ વર્ષ થવા આવ્યાં. નાતમાં આવી છોકરીઓ માટે વર મળવા બહુ કઠીણ કામ થઈ પડયું છે. અમારા વાણીયામાં—તમે પણ વાણીયા છો બ્હેન !”

સમરથ—હા, અમે... ...વાણીયા છીએ, પ—અ—અ—ણ આ છોકરી કંઇ ભણી છે ?

‘ના રે બ્હેન, જેવું તેવું લખી વાંચી જાણે એટલું જ, એટલે વળી વધારે મુશીબત છે, મૂળ તો કાળી છે, તેમાં વળી માતા નીકળ્યા-એક આંખ જો કે જશે નહીં પણ બહુ નાની થઇ ગઇ છે, અને તેમાં વળી મોઇ, રાંડ ભણી નથી—મુઇ હતતો સારી.”

સમરથ—આવડ નહીં એટલે બધાં ફાંફા સ્તો ! લો! પાન ખાશો ?

“ ના, પાનની બાધા છે.”

“કેમ, વારૂ ?”

“આ છોકરીનું ઠેકાણું પડે ને તેને સારો વર મળે તો જ પાન ખાવું એવી બાધા રાખી છે !”

“ઓ તારી ! પણ એમ બાધા રાખ્યે સારો વર મળી આવશે કે ?”

“દેવ ઉપર શ્રદ્ધા રાખી, થાય તેટલું તેવું કંઇક કરવું તો ખરૂંને ?”

“જાઓ, જાઓ, પ્રયત્ન વગર દેવ મદદ કરતાજ નથી————”

“શું પ્રયત્ન કરૂં ?”

“સમરથ—પ્રયત્ન ! માણસ થઇને પ્રયત્નનું પુછો છો ? જુઓ, હું સાત છોકરીઓની મા છું. તેમાંની મ્હોટી થયેલી પાંચને નાતમાં સારાં સારાં ઠેકાણાં શોધી પરણાવી છે, ને તે બધીઓ કંઈ સ્વરૂપવાન ન હતી તેમ છતાં પણ—અક્કલની, હોંશીયારીની જરૂર છે, મ્હારી બાઇ! છોકરીઓની મા થઇને આમ શું બાધાઓને ભરોસે બેસી રહી છુ ?!”

ખાનામાંનાં પેસેન્જરોનો ગડબડાટ આ વાતથી ઓછો થયોને ઘણા ખરાનું ધ્યાન સમરથના બયાન તરફ ખેંચાયું.

“મને કંઇ રસ્તો સુજતો નથી. છેવટ આ છોડીઓને લઇને કુવામાં પડું એમ થાય છે. જ્યાં પૂછાવ્યું ત્યાં “કન્યાને બતાવો” એમ સામેથી કહેવરાવે છે અને છોડી તો આવી ! ! એનો બાપ બિચારો સુરતમાં ઇધર ઉધર છોકરાં ભણાવે છે અને આવા વ્યવહારમાં પૂરૂં સમજતો નથી.”

સમરથ—તેમાં આટલાં ગભરાઓ છો શા માટે ? હોંશીયારી હોય—સાહસ હોય—ધીરજ હોય તો છોડીને વર મળવોજ જોઇએ !

“પણ તમારા જેટલી હિંમત અમારે લાવવી કયાંથી ?!”

સમરથ—જુઓ, આ મ્હોટી છોડી કાળી છે ખરીને ! અને એને વરનાં મા બાપ જોવા માગે છે ! વારૂ તો તેનો એક ઉપાય છે: મ્હોંપર લગાડવાનો પાઉડર તમે જાણો છો ? તેને પીંકપાઉડર કહે છે. તે પૈસાનો લાવવો—ફકત બે પૈસાનો—

“અરે, પણ અમને તો વળી કયાં મળે ? અમરૂં ગામ કંઇ બહુ મ્હોટું નથી—”

સમરથ—તમે સાંભળો તો ખરા ! ગભરાઓ છો કેમ ? પાઉડર ન મળે તો માટીથી લીંપેલી ભીંત હોયને તેના ઉપર ખડી લગાવેલી હોય તે જરા તેનું મ્હોં ધોઈ ધીમેધીમે તે

ચુનો-અગર ખડી લગાવવી ! બહુ ધીમે હોં ! જોરથી નહીં !—અને તે ભીંત માટીછાણની ન હોય—તેનાપર ચુનો હોય વ્હાઇટવોશ કરેલું હોય અગર છેવટ ખડી લગાવેલી હોવી જોઈએ.

" પણ તે તો મ્હોંપર તુર્ત દેખાઇ આવે તેનું કેમ ? "

સમરથ—અરે, પણ તમે ધીરજ રાખી સાંભળો તો ખરા ? મ્હારી છોડીઓમાંથી ત્રણ કાળી જ હતી--જો કે આટલી કાળી તો નહીંજ ! પણ તે બધી તેવીજ રીતે પસાર કરાવી, આતો તમે નાતનાં એટલે સલાહ આપું છું. કન્યાને દેખાડવાનો વખત સંધ્યાકાળનો રાખવો એટલે માત્ર બતીના પ્રકાશમાં રૂપ ખુબ ખીલશે. તમે નાટકના છોકરાઓને નાચતાં જુઓ છો તે બધાં શું રાત્રે દેખાય છે તેવા સ્વરૂપવાન હોય છે ? નહીંજ ! વારૂ, એતો જાણે થયું રંગનું પછી કપડાં ! તેમાં છેલ્લામાં છેલ્લી ફેશનનાં પોલકાથી એને એવી અચ્છી રીત્યે મઢી લેવી કે જોનાર તો અંજાઇ જ જાય. વારૂ, " મી. કાલેસાબ ' નામનો ફોટોગ્રાફર છે-સુરતમાં રહે છે વખતે મુંબઇ પણ રહે છે તે ફોટોગ્રાફમાં કોયલને પણ બગલું બનાવી મૂકે છે, બગલું સમજ્યાં ? તેની પાસે આ છોકરીની છબી પડાવવી. ને પ્રથમથી તે છબી તેને સાસરે મોકલી દેવી ! બસ પત્યું. વારૂ, જ્યારે જોવા મોકલો ત્યારે તમારે સાથે જ રહેવું, ને ' તું કંઈ ભણી છે ? " એવો જો પ્રશ્ન સાસરીયાંમાંથી કોઇ પૂછે—હવે તો તેવાજ પ્રશ્નો પૂછે છે–તો ચોપડીઓનાં નામની એક મ્હોટી લાંબી યાદી તેને મ્હોડે કરાવવી સમજ્યાં ? આ છોકરી ગાંડી જેવી શું હસ્યા કરે છે--ત્યાં ખાસ કરીને તે વખતે તો હસવું નહીંજ ! વારૂ તારૂં નામ શું છે ? છોકરી ? "

છોકરી શરમાઇને નીચું જોઇ જ રહી. એટલે તેની માએ ઉપાડયું.

" એને શું પૂછો છો ? એનું નામ પણ એના રૂપ જેવું જ પડી ગયું છે–એનું નામ ઉજમડી ! "

સમરથ—છટ ! છટ ! છટ !

ચૌદમી સદીનું નામ એનું નામ પણ ફેરવી નાંખો, એનું નામ—એનું ના—આ—આ મ બસ ! ચંદ્રાનના આજથી રાખો ! જુઓ આટલું કરવું. પછી જોઇ લો કે તે પસાર થાય છે કે નહીં !

" અરે, બ્હેન જો તે પસાર થાય તો તમને તો હું દેવની પેઠે પૂજું !

" હવે કયાં પૂજવા આવશો ? આ ભરૂચ સ્ટેશન આવ્યું. ત્યાં હું તો ઉતરીશ. રસ્તે જતાં ચાલતાં પણ કોઈ ઉપર ઉપકાર થાય તો ઠીક. ચંદ્રાનના પાસ થાય તો મ્હને યાદ કરજો મ્હારૂં નામ સમરથ !—

× × × × × ×

કીકાની સમરથ ફોઇ ભરૂચ ઉતરી પડયાં ત્યાંથી બીજે રોજ પાલીતાણે ગયાં. એક છોડી ત્યાં પરણાવી હતી ને તેને સુવાવડ આવવાની હતી. પાલીતાણામાં તેમને બે મહિના રોકાવું પડયું. પુનમચંદને ઘેરથી કીકાના લગન ઉપર આવી પ્હોંચવા મતલબના બે ત્રણ તાર ભરૂચ ગયાને ત્યાંથી અટકી પડયા. લૉટરીની ટીકીટ તો શિક્ષકના કબજામાં હતી તેથી તે દોડી પ્હોચ્યો અને ટીકીટ બતાવી નાણાં લઈ મુંબઇ જતો રહ્યો હતો. ઉજમ ઉર્ફે ચંદ્રા-

નનાની માએ સમરથના શીખવ્યા મુજબ પાર્ટ ભજવી ચંદ્રાનનાને પસાર કરાવી લગ્ન કરાવી દીધાં!

× × × × × ×

પાલીતાણા સુધી છેવટનો એક તાર આવવા પામ્યો એટલે સમરથ દોડતી આવી. કીકો પરણીને આવ્યો તેજ રોજ—જાન સાથે તે પણ આવી પહોંચી. અને હાથમાં કન્યાને ભેટ આપવાની સારી સરખી વીંટિ લઇ કન્યાનું મ્હોં જોવા જતાં જ ચમકીને બોલી—

"હાય! હાય!!" આ તો પેલી રાંડ ગાડીમાં મળી હતી તે છોકરી ઉજમ!!! અરે રે! દુનીયામાં ઉપકાર કરતાં પણ આવું થાય છે?

× × × × × ×

એક વધારે અજાયબી! પોતાની નાતનો જાણીને કીકાને શીખવવા માટે રાખેલો શિક્ષક લૉટરીના પૈસા લઇ મુંબઇ જતો રહ્યો હતો તે ઉજમ ઉર્ફે ચંદ્રાનનાનો બાપ નીકળ્યો! તેને ખબર મળતાં તે સુરત આવ્યો, અને બેઉ કુટુંબે નાણાં સરખે ભાગે વ્હેંચી લઇ સમાધાન કર્યું. ચંદ્રાનનાને પરણ્યા પછી ભણવા નિશાળે મૂકવી પડી.

(સંપૂર્ણ.)

# છેવટના ત્રણ માસમાં મળેલી મદદ.

શેઠ. મોતીચંદ હેમચંદ તરફથી.

૧ થાળી ૨ પ્યાલા. ૧ વાડકો ૧ લોટો ૧ રકેબી.

શેઠ. તલકચંદ જવેરચંદ તરફથી. ૧ તપેલી.

શેઠ. સાકરચંદ મોતીચંદ તરફથી.

રૂ ૧૫૨) ના ના વાસણો આવ્યાં હા. બ્હેન સરસ્વતી બ્હેન લાવ્યા.

૧૫ાા~) પીતળનું તપેલું નં. ૧

૫૯ાા પીતળના ખુમચા.

૧૦।~) „ વાડકા.

૧૩ાા~) „ તપેલી.

૧૩ાા ૦ાા „ પ્યાલા.

૫ાા „ લોટા.

૩ )= „ છીબાં.

૬ાા= તાંબાનો ચારણો નં. ૨

૩ાાાા પીતળની તાંબડી નં. ૧

૧૬)૦ાા તાંબાનું બેડું નં. ૧

૩ાા= વાશણની કલાઇ કરાવી.

રૂ. ૧૦૮) બુરાનપુરમાં શ્રી શાંતિનાથ પ્રભુની પ્રતિષ્ઠા સમયે ત્યાના સંઘ તરફથી ૧૦૮) રૂપીઆ ગં. સ્વ. બ્હેન હીરાકુંવર લાવ્યા તે.

રૂ. ૨૦૧૩।। માંગરોળમાં શેઠ તુલસીદાસ મોનજી કરાણીને ત્યાં લગ્ન પ્રસંગે આ આશ્રમની વ્યવસ્થાપિકાને જવાનું થયું હતું ત્યારે બે સભાઓ મેળવવામાં આવી હતી. એક પુરૂષો માટે અને બીજી સ્ત્રીઓ માટે. તે પ્રસંગે શ્રીયુત વાડીલાલ મોતીલાલ શાહ તથા રા. શિવજીભાઇ દેવશીભાઇ તથા મી. રાયચુરાએ શ્રી જૈનવનિતા વિશ્રામના સંબંધમાં ઘણાં અસરકારક વ્યાખ્યાનો કર્યાં હતાં, જેના પરિણામે આશરે બે હજાર રૂપીઆ મળ્યાં હતા. તેમાં રૂપીઆ ૬૫૦ શેઠ તુલસીદાસ મોનજી તથા તેમના સંબંધીઓ તરફથી મળ્યા હતા રૂ. ૧૦૧) શ્રીયુત વાડીલાલ મોતીલાલ શાહે તે પ્રસંગે ભર્યા હતા. એક મુસલમાન ગૃહસ્થે રૂ. ૨) આ ફંડમાં ભર્યા હતા, જે એક જૈનબંધુએ રૂ. ૫૧) આપી ખરીદ કર્યા હતા. બાકીના રૂપીઆ ત્યાંના જૈન બંધુઓ તથા બ્હેનો તરફથી મળ્યા હતા. એકંદરે પુરૂષો તરફથી રૂ. ૧૧૬૬) આવ્યા હતા અને બ્હેનો તરફથી રૂ. ૮૯૭।। આવ્યા હતા.

રૂ. ૭૫) શા. નાગજી અમરસી કલીકોટવાળા (રહેવાશી કચ્છ માંડવીના)નાં પત્ની સૌ. બ્હેન અમરતબાઇ તરફથી આવ્યા તે. તેમણે રૂ. ૭૫) ની રકમ દશ વર્ષ સુધી આપવા કબુલ્યું છે.

રૂ. ૧૦૦) અમદાવાદના શા. ભાયચંદ ઝવેરચંદ તરફથી તેમની એસ્ટેટના રીસીવર વકીલ ચીમનલાલ નથુભાઇ તથા શા. રમણલાલ નાથાલાલ તરફથી આવ્યા તે.

રૂ. ૧૧) શા ઘેલાભાઇ મહાસુખરામ શાંતિનાથની પોળ અમદાવાદ. ⎫
રૂ. ૫) શા. ગીરધર પરસોતમ રામજી મંદીરની પોળની સામે. ⎬ હા. બાલાભાઇ.
રૂ. ૫) શેઠ મોહનલાલ મનસુખરામ. શાંતિનાથની પોળ. ⎭

રૂ. ૨૫) બ્હેન શીવકોર હરખચંદ તરફથી.

રૂ. ૬૫) બ્હેન જવલ વર્ધમાન તરફથી

રૂ. ૧૫) એક બાઇ તરફથી

રૂ. ૫) મીઠાંબાઇ ખેતશી.

રૂ. ૭) વાડીલાલ નગીનદાસ અમદાવાદવાળા.

લી. વ્યવસ્થાપિકા.
જૈન વનિતાવિશ્રામ સુરત.

---

## जैन वनिता विश्रामनी मुलाकात लेनाराना अभिप्रायो.

### मुनिराजश्री तिलक विजयजीनो अभिप्राय.

आज सुबरके नव बजे श्री जैन वनिता विश्रामको देखनेका प्रसंग मीला यहां पर रहेने वाली बालीकाओने सुंदर रागसे कीतने एक भक्ति तथा प्रभु प्रार्थनाके काव्य सुणायेथे. यह वनिता विश्राम अभीतक छोटे पाये पर है, इस्मे कन्याओ तथा विधवाओको रख्खा जाता है, तथा ऊन्हे खाने पीनेका ऊपरांत शिक्षण और धार्मिक ज्ञान प्राप्त करनेका इस संस्थामे अच्छा प्रबंध है. दुःखी या विधवाए यदी

इस आश्रममें रहकर शुशिक्षित बने ओर धर्मका अच्छा अभ्यास करे तो ऊन्हो का जीवन बहुत ऊच ऊत्तम बन शकता है. ऊनके समयका सदुपयोग और वे अपने ज्ञानसे दुसरी ब्हेनोका कल्याण कर शके. यहां पर सधवा ब्हेनोको भी रख- नेके लीये अच्छा प्रबंध है. छोटी ब्हेनोको बचपणसे भी अच्छे श्रेष्ट संस्कार डालनेकी जो यह योजना है सो अतीव प्रशंसनीय है. इस संस्थाका लाभ विषेश ब्हेनोको मीले इस लीये इस संस्थाको ऊंच पायेपर लानेकी परम आवश्यकता है. और इसमे जैन बन्धुओको खास मदद करनेकी जरुरत है. योंकी इस प्रकार स्त्री सुधारके लीये जैनोमे यह एकही संस्था है. इस प्रसंगमे ब्हेनो और बालीकाओं- को मेरी तरफसे स्त्रीशिक्षणके विषयमें कुच्छ उपदेश देनेमे आयाथा. इस संस्था के कार्य वाहकोमें ब्हेन रुकिमणी ब्हेन हार्दीक ऊत्साहसे भाग लेती है. मेरी आशा हैकी दुसरी ब्हेने तथा बन्धु एसे प्रशस्त कार्यकी तरफ अमीदृष्टी रखकर ऊसे अधिक संगीन बनानेका प्रयत्न करेंगे.

दाः मुनि तिलकविजयजी. पंजाबी.

ता. १९-१-२०.

---

**શા. નાગજી અમરશી** કલીકોટ (મલબાર) વાળા તેની ધરવાળી અમૃત સાથે આ જૈન વનિતા વિશ્રામમાં સં. ૧૯૭૬ ના ચૈત્ર વદ ૧૦ વાર સોમેના દિવસે આવેલા. આ આશ્રમમાં રહેલી વિધવા બ્હેનો તથા બાળાઓની રહેણી કરણી, રીતભાત, સભ્યતા જોઇ ઘણો સંતોષ પામ્યા છીએ. બાળાઓના મીલન સ્વભાવ, વિવેક વ્યવહારિક અને ધાર્મિક ગ્નાનની પરીક્ષા સંભાષણ ગધપધમાં ચાલેલ તેથી અમોને ઘણોજ સંતોષ થયો છે. આ ખાતાને ઉત્તેજનની ઘણી જરૂર છે. તે સખી ગૃહસ્થો યથાશક્તિ કરતા રહેશે તો આગળ જતાં આ ખાતું ઘણું કામ કરી બતાવશે. કારણ કે આ ખાતાના કાર્ય વાહકો બ્હેન રૂક્ષ્મણી બ્હેન વગેરેએ તન, મન, ધનનો ઘણો ભોગ આપેલ છે અને આપે છે. આ ખાતાની કાર્ય પદ્ધતિ વાંચેલ, વળી અત્રે આવી નજરે જોવાથી અમોને ઘણોજ સંતોષ થયો છે, અને આ ખાતું દિન પ્રતિદિન સારી પાયરી ચઢશે, એવી પૂરણ શ્રદ્ધા થવાથી સાલ દશ સુધી દર સાલે રૂ. ૭૫) પંચોતેર આપવા, અને મારા ધરવાળી અમૃતનું નામ આ ખાતાના મેમ્બર તરીકે નોંધાવ્યું છે, અને પહેલા વરસના રૂ. ૭૫) પંચોતેર આજ- રોજ રોકડા આપ્યા છે.

સંવત ૧૯૭૬ ના ચૈત્ર વદ ૧૦ વાર સોમે તા. ૩૦—૩—૨૦.

દા. નાગજી અમરશી.

---